

# અધ્યાત્મ

વર્ષ-૨ મે-૧૯૮૧ અંક-૮

# લાઈફ મેમ્બરો

## (આજીવન સભ્યો)

અધ્યાત્મની આજીવન સભ્ય યોજનાને વાંચકો ને શુભેચ્છકો તરફથી ખૂબ પ્રોત્સાહક પ્રત્યુત્તર સાંપડ્યો છે. મે ૧૯૮૦માં આ યોજનાનો પ્રારંભ કર્યો. ત્યારથી આજ સુધીમાં ૧૩૫ જેટલા આજીવન સભ્યો, ચાર પેટ્રનો ને બે સહાયક પેટ્રનો પણ નોંધાયા છે.


| | | | |
|---|---|---|---|
| ૧૨૭ | શ્રી ધનસુખલાલ ચુનીલાલ પટેલ | અમદાવાદ | રૂા. ૨૫૧ |
| ૧૨૮ | પ્રિન્સીપાલશ્રી પ્રભુદાસ ઠક્કર કોલેજ, | અમદાવાદ | રૂા. ૨૫૧ |
| ૧૨૯ | ડો. જયાબેન દવે | અમદાવાદ | રૂા. ૨૫૧ |
| ૧૩૦ | શ્રી પદ્માબેન નારદલાલ ત્રિવેદી | અમદાવાદ | રૂા. ૨૫૧ |
| ૧૩૧ | શ્રી શિરીષકુમાર ઇન્દ્રવદન વ્યાસ | વડોદરા | રૂા. ૨૫૧ |
| ૧૩૨ | શ્રી અજય આર. ગાલા | મુંબઇ | રૂા. ૨૫૧ |
| ૧૩૩ | શ્રી મનહરભાઇ પુરુષોત્તમ કાકા | વડોદરા | રૂા. ૨૫૧ |
| ૧૩૪ | શ્રી દિલીપભાઈ પુરુષોત્તમ કાકા | વડોદરા | રૂા. ૨૫૧ |
| ૧૩૫ | શ્રી રિદ્ધિષકુમાર ચીમનલાલ પંડ્યા | | રૂા. ૨૫૧ |

અગાઉ ઓગષ્ટ ૧૯૮૦ના અંકમાં નંબર ૬૦ માં જે શ્રી રમેશભાઈ નરસિંહદાસ ભક્ત છપાયેલું છે, તેને બદલે શ્રી બચુભાઇ ગોવિંદભાઈ ભક્ત કપુરા વાંચવું.

## સહાયક ભંડોળ યોજના

| ભારતમાં | | પરદેશમાં (વિમાનથી) |
|---|---|---|
| રૂા. ૨૫૧ | આજીવન સભ્યો | ૧૫૦૧ |
| રૂા. ૫૦૧ | સહાયક પેટ્રન | ૨૦૦૧ |
| રૂા. ૧૦૦૧ | પેટ્રન | ૨૫૦૧ |

સારા કામમાં સાથ આપવો એ પણ એક સત્કર્મ છે. આપ આર્થિક રીતે પહોંચતા હો, તો અધ્યાત્મની સહાયક ભંડોળ યોજનામાં જોડાઇ, એને મદદ કરો.



પૂ. શ્રી યોગેશ્વરજી

## મંદિર

( પરમ પૂ. માતાજી જ્યોતિર્મયીની સંસ્મૃતિમાં પૂ. શ્રી યોગેશ્વરજીએ કેટલાંક કાવ્યો હમણાં લખ્યાં છે, તે કાવ્યો હજી અપ્રસિદ્ધ છે. તેમાંનું એક કાવ્ય અહીં રજુ કરેલ છે.
—તંત્રી. )

મને થયું કે એક તમારું મંદિર ભવ્ય બનાવું,
સંગે મરમરના મંગલ એ મંદિરમહીં તમારી.
મૂર્તિ મનહર સ્થાપું અદકું આકર્ષણ પ્રકટાવું,
ધૂપદીપ નૈવેદ્ય આરતી પુષ્પમાળથી પૂજન.
કરું કરાવું, વીણાવાદન સિતારનું સ્વરગૂંજન,
પ્રશસ્તિ સ્તોત્રસ્વરોને સુખમય સદા સપ્રેમ સુણાવું.
સ્વર્ણશિખરથી મહિમા એનો ચારે તરફ પ્રસારું,
મને થયું કે એક તમારું મંદિર મધુર બનાવું.
માનવ મહેરામણ ત્યાં ઉમટે કરે પ્રશસ્તિ ન્યારી,
અનુપ્રાણિત અંતર સૌનાંયે પામે પ્રકાશ ભારી.
યાવચ્ચંદ્રદિવાકરૌ રહે ઉજ્જવળ કીર્તિ જેની,
એવા મંદિરની રચના ના દીસે અશક્ય જેવી.
મને થયું કે એક તમારું મંદિર રમ્ય રચાવું,
એના કરતાં જીવનમંદિર મારું દિવ્ય બનાવું.

—યોગેશ્વર

# અધ્યાત્મ

સર્વમંગલ

આધ્યાત્મિક વિકાસની નવી જ ક્ષિતિજ ખોલતું ગુજરાતી માસિક
વર્ષ : ૨ અંક : ૮ છૂટક નકલ ૧-૫૦, વાર્ષિક લવાજમ
દેશમાં રૂા. ૧૫-૦૦ વિદેશમાં રૂા. ૧૦૦-૦૦ ( વિમાનથી )

**સંસ્થાપક :**
**પ. પૂ. યોગેશ્વરજી**
સર્વમંગલ ચેરીટેબલ ટ્રસ્ટ
મણીનગર, અમદાવાદ-૮

**તંત્રી-સંપાદક :**
શ્રી નારાયણ હ. જાની

**સહસંપાદકો :**
શ્રી નાનુરામ દુધરેજિયા
શ્રી ભાઈલાલભાઈ છાટબાર
શ્રી મણિભાઈ સી. શાહ

**સલાહકાર મંડળ :**
શ્રી સર્વેશ્વરી
શ્રી રમણીકલાલ ભોગીલાલ શાહ (ભાવનગર)
શ્રી વિઠ્ઠલ પંડ્યા (મુંબઇ)
શ્રી બાબુભાઈ વ્હોરા ( અમદાવાદ )
શ્રી જે. વી. શાહ (મુંબઇ)
શ્રી શાંતિભાઈ કનેરીયા (રાજકોટ)
શ્રી રાજેશભાઈ કાપડિયા (ભાવનગર)

**પ્રકાશન અને પ્રાપ્તિસ્થાન :**
'અધ્યાત્મ' પ્લોટ નં. ૧૬૮૮ બી
સરદારનગર, ભાવનગર-૩૬૪૦૦૧

**તંત્રી, મુદ્રક અને પ્રકાશક :**
નારાયણ હ. જાની

**મુદ્રણસ્થાન :**
રાધેશ્યામ પ્રિન્ટીંગ પ્રેસ
લોખંડબજાર, ભાવનગર-૩૬૪૦૦૧

### 'અધ્યાત્મ' અંગે સૂચનો

**ગ્રાહકોને :** ગ્રાહક નંબર સરનામા સાથે લખવામાં આવે છે તે નોંધી લેવો.

* 'અધ્યાત્મ' જો આપને ગમ્યું હોય તો આપના પરિચિત વર્ગમાં તેના ગ્રાહકો વધે તેવું આપ કરતા રહેશો.
* 'અધ્યાત્મ' દર માસની દસમી તારીખે પ્રસિદ્ધ થશે. કોઈ કારણે એકાદ અઠવાડિયા સુધી અંક ન મળે તો સ્થાનિક ટપાલ કચેરીમાં તપાસ કર્યા પછી અત્રે જણાવવું. સિલિકમાં હશે તો જરૂર મોકલી અપાશે.
* પત્રવહેવાર કરતી વખતે ગ્રાહક નંબર લખવાથી વધુ સરળતા રહેશે.
* 'અધ્યાત્મ' અંગે કંઈ સૂચનો કરવાનાં હોય તો નિઃસંકોચ કરવા અનુરોધ છે.
* દર મહિનાની તા. ૮ સુધીમાં જે ગ્રાહકોનાં નામ મળી જશે, તેમને તા. ૧૦મીએ અંક રવાના કરવામાં આવશે.

## * અનુક્રમણિકા *


| | | |
|---|---|---|
| બ્રાહ્મમૂહુર્ત | ૩ | શ્રી યોગેશ્વરજી |
| શ્રદ્ધાંજલિ | ૫ | તંત્રી |
| ગિરીશ ઘોષ | ૭ | નારાયણ હ. જાની |
| નિર્ભય યોગ | ૧૨ | સંતશ્રી આશારામજી |
| પ્રકાશના પંથે | ૧૬ | દીપક પ્ર. મહેતા |
| શ્રેયયાત્રા | ૨૦ | શ્રી ભાઈલાલભાઈ છાટબાર |
| ઠાકુરનો વિનોદ | ૨૬ | શ્રી યશસ્વીભાઈ ય. મહેતા |
| સંત રૈદાસ | ૨૯ | જે. વી. શાહ |
| જીવને બંધનનું કારણ | ૩૩ | શ્રી જી. ડી. અમીન |
| રામકથા | ૩૬ | શ્રી યોગેશ્વર |
| ગુજરાતના સંસ્કાર સ્વામી સહજાનંદજી | ૪૧ | શ્રી ગોરધનદાસ સોરઠિયા |
| અહંકાર | ૪૪ | પ્રપન્નલાલ કાજી |
| જ્ઞાનયાત્રા | ૪૫ | રજનીકાંત મહેતા |
| એ તમને ખબર છે? | ૪૬ | પ્રીતમલાલ ચ. આશરા |
| અમૃતમય સ્પર્શ | ૪૭ | શ્રી ભૂપેન્દ્રભાઇ ત્રિવેદી |
| આસનો | ૫૨ | શ્રી મણિભાઈ શાહ |
| શ્રીમહાત્મા ગાંધીજી વિષયક વાર્તાલાપ | ૫૫ | શ્રી સર્વેશ્વરી |
| ભાગવત સુધા | ૬૧ | પ્રા. જનાર્દનભાઈ દવે |


# અધ્યાત્મ


વરદ હસ્ત પ્રભુ તમારો, સદાય રહેજો જીવનસહારો

વર્ષ : ૨ | મે-૧૯૮૧ | અંક : ૮


## બ્રાહ્મમૂહુર્ત

બ્રાહ્મમુહૂર્તનો સમય કેટલો બધો શાંત, સુંદર સુખમય હોય છે. પૂર્વાકાશમાં ઉષઃકાળના રંગો પ્રસર્યા હોય છે; પવનની તાજી લલિત લહરી પવનની પીઠ પર સવાર થઇને આજુબાજુ બધે વહેતી હોય છે; પંખીઓ પોતાના પુણ્યપ્રવાસને પ્રારંભતી વખતે શાંત સુમધુર સુસંવાદી કૂજન કરીને વાયુમંડળને રસમય કરી દે છે. બ્રાહ્મમુહૂર્ત તો એનાથી પણ વહેલું આરંભાય છે. સૂર્યોદયના ત્રણ કલાક પહેલાંના સ્વર્ણસમયથી એની અવર્ણનીય અમૃતમય અસર શરૂ થાય છે. સમસ્ત પ્રકૃતિ એ વખતે શાંત, કોલાહલ રહિત, પ્રસન્ન તથા પુલકિત હોય છે. એ અભિનવ પ્રેરણા પ્રદાન કરે છે. ભક્ત કવિ નરસિંહ મહેતાએ એ સરસ શાંત સમય વિશે ગાયું છે,

રાત રહે જ્યાહરે પાછલી ખટઘડી સાધુપુરુષને સૂઈ ન રહેવું;
નિદ્રાને પરહરી, સમરવા શ્રી હરિ, એક તું એક તું એમ કહેવું.

છ ઘડી રાત બાકી રહે ત્યારે અથવા બ્રાહ્મમુહૂર્તમાં જીવનનો સમુચિત વિકાસ કરવા માગનાર સત્પુરુષે કે સજ્જને સુઇ ના રહેવું. એણે પ્રમાદને પરિત્યાગીને નિદ્રાને છોડી દેવી. ઈશ્વરનું સ્મરણ કરવું અને ઈશ્વર સિવાય કશું જ સનાતન નથી, સંપૂર્ણ સુખ શાંતિ આપી શકે એમ નથી, એવું વિચારવું.

બરાબર છે, જીવનવિકાસના સાધકે બ્રાહ્મમુહૂર્તમાં ઉઠી જવાની ટેવ પાડવી જોઈએ. વહેલી સવારે ઉઠીને આવશ્યક શરીરશુદ્ધિથી

નિવૃત્ત થઈને જપ, ધ્યાન, પ્રાર્થના, શાસ્ત્રાધ્યયન. આત્મચિંતનાદિનો આધાર લેવાથી મન સહેલાઈથી સ્થિર, એકાગ્ર અને શાંત થાય છે, એ વખતે વ્યાયામાદિનો આશ્રય લેવાથી આરોગ્યની દૃષ્ટિએ ઉપયોગી લાભ થઈ રહે છે. વહેલી સવારના શાંત સમયને એવી રીતે સાચવી લે છે, તે સમસ્ત દિવસને સાચવી કે સુધારી શકે છે, તેને નવી શક્તિ પ્રેરણા, સ્ફુર્તિ તથા તાજગીની પ્રાપ્તિ થાય છે. વહેલી સવારે ઉઠીને સમસ્ત દિવસનો કાર્યક્રમ પણ ઘડી શકાય છે.

બ્રાહ્મમુહૂર્તમાં વહેલી સવારે ઉઠીને આપણને ઉઠવાની શક્તિ આપનારા પરમાત્માની સ્મૃતિ તથા પ્રાર્થના કરવી જોઈએ. આપણે તો અચેત હતા. એ શક્તિએ જ આપણને ઉઠાડયા એનો આભાર માનીએ. આપણા ફાળે આવેલા સમય અને આપણને સાંપડેલી શક્તિઓનો સદુપયોગ કરવાનો અને કોઈ કારણે દુરુપયોગ ના કરવાનો સંકલ્પ કરીએ. પછી તો મનની અવસ્થા જ એવી થશે કે દિવસનો સઘળો સમય બ્રાહ્મમુહૂર્તના સમય જેવો જ શાંત, સરસ, પ્રેરક, મંગલ લાગશે, ગમે ત્યારે પણ જાગ્રત રહી શકાશે, તો પણ બ્રાહ્મમુહૂર્તનો લાભ તો લેવાશે જ. એ લાભ અતિશય આનંદદાયક, અમોઘ, આશીર્વાદરૂપ થઈ પડશે.

જીવનનું પણ બ્રાહ્મમુહૂર્ત છે,—શૈશવ, કૌમાર્ય કે યૌવન એ સમય દરમિયાન જે જડતામાંથી, અવિદ્યાની નિદ્રામાંથી, જાગી જાય છે ને જીવનના આધ્યાત્મિક અભ્યુત્થાનનો આરંભ કરી દે છે, તે ઘણું ઘણું મહત્ત્વનું મેળવી શકે છે. તેના જીવનનો પુણ્યપ્રવાસ સફળ, સુખકારક, સમૃદ્ધ, સાર્થક અને પોતાને અને અન્ય અનેકને માટે આશીર્વાદરૂપ કરે છે. જે જેટલો વહેલો જાગે છે તેને તેટલો જ વિશેષ લાભ મળે છે. જેનું શૈશવ, કૌમાર્ય, યૌવન વીતી ગયું છે તે પણ જ્યારે પણ જાગ્રત થઈ શકાય ત્યારે જાગ્રત થઈ શકે, તો તેથી લાભ જ છે. સાધનાત્મક સત્કર્મની, સંસ્કારોના સીંચનની શરૂઆત જ્યારે પણ કરી શકાય ત્યારે કરવામાં આવે તો તે શ્રેયસ્કર તથા શાંતિપ્રદાયક જ થઈ રહે છે. શરીર વૃદ્ધ થાય તો પણ શરીરધારી શિશુ



# શ્રદ્ધાંજલિ

તંત્રી

### શ્રી ભૂપતરાય સુતરિયાને

અમદાવાદના મહાત્મા શ્રી યોગેશ્વરજીના પરિવાર સાથે સંકળાયેલા સાધકભાઇ બહેનોએ છેલ્લા બે મહિનામાં, બીજા સન્નિષ્ઠ સેવક ભૂપતરાય સુતરિયાને તા–૭–૪–૮૧ ના રોજ ગુમાવ્યા છે. તે ઘણુંજ દુઃખદ છે. મૃત્યુ સમયે એમનું વય ૭૪ વર્ષનું હતું

ભારત સરકારના સેંટ્રલ એકસાઇઝ ખાતામાં સુપ્રિન્ટેન્ડન્ટના હોદ્દા ઉપરથી ૧૯૬૫ માં નિવૃત્ત થયેલા શ્રી સુતરિયા ભાઇએ પોતાનું પાછલું જીવન આધ્યાત્મિક માર્ગે વાળેલું. પૂ. શ્રી યોગેશ્વરજી સાથેનો એમનો પરિચય છેલ્લાં પાંચેક વર્ષનો. પરંતુ આધ્યાત્મિક કામ પ્રત્યેની અભિરૂચિ ને પૂ. શ્રી માં એમની અનન્ય શ્રધ્ધાએ એમને સહુ સાધકોમાં પ્રિય બનાવી દીધેલ. દૂબળા ચહેરા ઉપરની એમની મોહક શ્વેત દાઢી, ખાદીનો ઝભ્ભો ને છૂટી પાટલીના સાદાં વસ્ત્રોમાં શોભતી એમની દેહયષ્ટિ આજે ય આંખ સામે તરી આવે છે. જેવો સાદો એમનો પોષાક, એવોજ સરળ એમનો સ્વભાવ ને સાદુ એમનું જીવન.

છેલ્લા એકાદ વર્ષથી એમને કેન્સરની બિમારી હતી. આ જીવલેણ બિમારીમાં સપડાયા છતાં, પૂ. શ્રીના દર્શને ગુરૂપૂર્ણિમાના દિને તેઓ વડોદરા પધારેલા, એટલું જ નહિ પરંતુ પ. પૂ. માતાજી જયોતિર્મયીના સ્વર્ગવાસના દિને અત્યંત નંખાઇ ગયેલી તબીયત છતાં ભાવનગરમાં અંત્યેષ્ઠી

સંસ્કાર વખતે તેઓએ ખાસ હાજરી આપેલી.

મને શ્રી સુતરિયાભાઇનો પ્રથમ પરિચય મે, ૧૯૭૮માં અમદાવાદની ધ્યાનસાધના શિબિર વખતે થયેલો. પ. પૂ. મહાત્માજીના ઉતારા ઉપર મુલાકાતીઓના ધસારાને નિયંત્રિત કરવાની કપરી ફરજ તેઓ ખૂબ પ્રેમપૂર્વક બજાવતા. પૂ. શ્રી જેવા ઉતારા ઉપર આવે કે તેમના દરવાજા બહાર તેઓ હાજર થઈ જતા. પૂ.શ્રીને શ્રમ ન પહોંચે ને સાધકોને મુલાકાતનો અસંતોષ ન રહે, એની સમતુલા તેઓ ખૂબ કાળજીપૂર્વક જાળવતા. એમને પ્રથમવાર જોતાંજ કેમ જાણે મને શ્રી રામભક્ત હનુમાનની યાદ તાજી થએલી. સેવા એટલે સેવા. એમાં કોઈ બદલાની, કોઇ શાબાશીની અપેક્ષા વિના, તેઓ પોતાની ફરજ ખૂબ પ્રેમપૂર્વક બજાવતા.

શ્રી બાબુભાઇ વ્હોરાની અમદાવાદની પૂ. મહાત્માશ્રી યોગેશ્વરજીની બધીજ પ્રવૃત્તિઓના તેઓ ભરોસાપાત્ર સાથી હતા. એમને સોપવામાં આવેલ હરેક કામ તેઓ ખૂબ ચોસાઇને કાળજીપૂર્વક બજાવતા શ્રીબાબુભાઇના તેઓ હાથ–પગ સમા હતા. એવા સુતરિયાભાઈની ખોટ તો શી રીતે પૂરાય ?

કંઇપણ બોલ્યાસિવાય કેવળ કામ કરવું એ શ્રીસુતરિયાભાઇનો સ્વભાવ હતો. એવા એક સત્કર્મ પરાયણ આત્માને ‘ ચિર શાન્તિ પ્રાપ્ત થાઓ,” એવી મૂક પ્રભુ પ્રત્યેની પ્રાર્થના સિવાય આપણે બીજી શ્રદ્ધાંજલિ શું આપી શકીએ ?

---

અનુસંધાન પાના ૪ નું

કિશોર, યુવા રહી શકે છે. જીવનનો આધ્યાત્મિક વિકાસ દેશકાલાબાધિત અને અવ્યવસ્થાતીત હોવાથી એનો આરંભ, ગમે ત્યારે કરી શકાય છે, એટલે જેમનાં સ્થૂળ બ્રાહ્મમુહૂર્તો છૂટી ગયાં હોય, તેમણે સૂક્ષ્મ, માનસિક અથવા આંતરિક બ્રાહ્મમુહૂર્તોને સાચવી લેતાં અને એમનો બને તેટલો વધારે ને વધારે લાભ લેતાં શીખવું જોઈએ.



શ્રી. રામકૃષ્ણદેવનો અનોખો છતાં અનન્ય ભક્ત

# ગિરીશ ઘોષ

( હપ્તો ત્રીજો ને છેલ્લો )

નારાયણ હ. જાની

પીધેલી હાલતમાં હોય ત્યારે ગિરીશ હંમેશાં ખાસ આનંદીત હોય એવું ન બનતું. એકવાર, નાટ્યઘર આગળ, પીધેલી હાલતમાં એણે જાહેરમાં શ્રી રામકૃષ્ણ પરમહંસને ઘણી ગાળો દીધી. એટલું જ નહિ, પરંતુ તે ખૂબ જ અશ્લીલ શબ્દો બોલ્યો. આથી શ્રી રામકૃષ્ણદેવના ઘણા બધા ભક્તો ખૂબ નારાજ થયા ને એનાથી વિમુખ થઈ ગયા. ફક્ત શ્રી રામચંદ્ર દત્તે જ ગિરીશનો બચાવ કરતાં શ્રી રામકૃષ્ણ દેવને કહ્યું, “ ઠાકુર, એણે તો એના સ્વભાવ પ્રમાણે આ ગાળો વડે આપની પૂજા જ કરી છે. ભગવાન શ્રી કૃષ્ણે કાલીનાગને નાથ્યો ત્યારે તેણે એમને કહેલું કે “ હે પ્રભુ, આપે મારા મુખમાં ઝેર જ આપ્યું છે, પછી આપને હું અમૃત કયાંથી આપી શકું ?” શ્રી રામચંદ્ર દત્તની આ દલીલ સાંભળી રામકૃષ્ણદેવ ખુશ થયેલા જણાયા અને એમણે બીજા ભક્તોને કહ્યું, “ શ્રી રામચંદ્ર દત્ત શું કહે છે તે તમે સાંભળ્યું ?” પછી એમણે તેઓને કહ્યું “ઘોડાગાડી જલદીથી લાવો. હમણાં જ હું ગિરીશની પાસે જવા માગું છું.”

વાસ્તવિક સત્યની દૃષ્ટિએ વિચારીએ તો પણ ગિરીશની સરખામણી ઝેરી નાગની સાથે કરવાનું ઉચિત લાગતું નથી, એટલું જ નહિ પરંતુ કંઈક અંશે અયોગ્ય પણ લાગે છે. ગિરીશના દુર્ગુણોને પણ જાણે કે અતિશયોક્તિ ભરી રીતે વર્ણવવામાં આવ્યા છે. જીવનના ઉત્તરાર્ધમાં તે લગભગ

સાધુચરિત સંત જેવો બની ગયેલો; અને જે ભક્તો એને મળતા તેમને તે પોતાનાં પૂર્વ જીવનનાં પાપાચરણની વાતો વારંવાર કરતો, એટલા માટે કે શ્રી રામકૃષ્ણ પરમહંસની કૃપાએ એનામાં કેટલું મોટું પરિવર્તન આણ્યું હતું !

એ દુઃખપૂર્વક કહેતો કે મેં દારૂની એટલી બધી બાટલીઓ પીધી છે કે જો એમને એક ઉપર એક એમ ગોઠવવામાં આવે તો તેની ઉંચાઈ હિમાલયના એવરેસ્ટ શિખર જેટલી થાય.

એ સાચું છે કે તે ખરેખર ખૂબ દારૂ પીતો અને પીવા પછી તે ઘણીવાર આક્રમક ને તકરારી પણ બની જતો. તે વેશ્યાઘરોની મુલાકાતે અવારનાર જતો. વળી શ્રી રામકૃષ્ણ-દેવને મળ્યો તે પહેલાં પંદરવર્ષ સુધી તે ગાંજોય પીતો. આમ છતાં એવો એકેય પૂરાવો નથી કે જે દર્શાવે કે તે સ્ત્રીઓને ફોસલાવનાર, ઠગારો, દંભી, અગર ધૃણાજનક નિંદાખોર કે ઈરાદાપૂર્વક ક્રૂરતા આચરનાર હતો !

આમ ધીરે ધીરે શ્રી રામકૃષ્ણ દેવની સાત્ત્વિક અસર ગિરીશ ઉપર પ્રભાવ પાડી રહી હતી. એક રાતે તે વેશ્યાના ઘરે હતો ત્યારે બેભાન બની જવાય ત્યાં સુધી એણે ખૂબ દારૂપીધો. સવાર થતાંજ તે શ્રી રામકૃષ્ણદેવ પાસે ઝડપથી પહોંચી ગયો. પોતાની દારૂની લત માટે એને ખૂબ પશ્ચાતાપ થતો; આમ છતાં ઘોડાગાડીમાં આવતાં તે દારૂની બાટલી સાથે લાવવાનું ભૂલ્યો ન હતો દક્ષિણેશ્વર પહોંચતાંજ શ્રી રામકૃષ્ણદેવના ચરણોમાં પડી એ ખૂબ રડયો. પરંતુ એકાએક એને દારૂ પીવાની તલપ લાગી. પણ એને માલુમ પડ્યું કે પોતે જે ગાડીમાં આવેલો તે ગાડી તો ક્યારનીય ચાલી ગઈ હતી. શ્રી રામકૃષ્ણ ગિરીશની આ મનોદશા પામી ગયા. એમણે હસતાં હસતાં એની આગળ એની દારૂની બાટલીજ નહિ, 



પરંતુ એના જોડા ને ખેસ પણ ધર્યાં ! રામકૃષ્ણે એક ભક્તને કહીને ગાડી જાય તે પહેલાં તેમાંથી ઉતરાવી લીધાં હતાં.

ગિરીશ પોતાની જાત ઉપર સંયમ રાખી શકતો નહિ. તે બધાંના દેખતાં નિર્લજ્જપણે દારૂ પીતો, તો તુરતજ પાછો પીવા બદલ ખૂબ પસ્તાવોય કરતો.

શ્રી રામકૃષ્ણ તેને કહેતા, "તારો જીવ ધરાય એટલો દારૂ તું પી લે. હું જાણું છું કે તું હવે વધુ વખત પી શકવાનો નથી." પાછળથી ગિરીશ કહેતો કે માદક પીણા-માંથી મુક્તિ મેળવવાની આથી શરૂઆત થઇ; જો કે તે બહુ ધીમી હતી. વળી શ્રી રામકૃષ્ણ દેવની હાજરીમાં જ દારૂ પીવાનો આ છેલ્લો જ અવસાર ન હતો. તે પછી પણ તેણે તેઓની હાજરીમાં દારૂ પીધેલો. આમ છતાં તેને પહેલીવાર પ્રતીતિ થઈ કે તે દારૂના સંકંજામાંથી છૂટવાની શકિત ધરાવે છે. એ આત્મવિશ્વાસની જાગૃતિ એની સુધારણામાં મહત્ત્વની બની રહી.

ધર્મગ્રંથોના લખાણોની સત્યતા વિષે એક લેખક તરીકે એને શંકાઓ થતી. કારણ કે જાત અનુભવથી એને સારી પેઠે માહિતી હતી કે સુંદર ઉપદેશાત્મક પદાવલિની રચના કરવી એ એને માટે કેટલું સહેલું હતું ! આથી જ એણે શ્રી રામકૃષ્ણદેવને એકવાર કહ્યું, "મારે ઉપદેશની જરૂર નથી. મેં ગાડાં ભરાય એટલા ઉપદેશ બીજાઓને માટે લખ્યા છે. એ મને જરાય મદદરૂપ નથી. ઠાકુર, એવું કંઈ કરો કે જેથી મારૂં સમગ્ર જીવન બદલાઈ જાય."

પોતામાં ગિરિશની આટલી બધી શ્રદ્ધા જોઈ શ્રી રામ-કૃષ્ણ ખૂબ રાજી થતા. એમણે પોતાના ભત્રીજા રામલાલને કહ્યું કે "એકાંતમાં જઈને ગુફામાં પૂરાઇ જાઓ. પરંતુ ત્યાં શાન્તિ નથી; શાન્તિ તો ત્યાં છે જ્યાં શ્રદ્ધા છે. બધી જ

ધાર્મિકતાનો પાયો જ શ્રદ્ધા છે. "

ગિરીશે એકવાર શ્રી રામકૃષ્ણદેવને પૂછ્યું "શું તે નાટકની પ્રવૃત્તિ છોડી દે ?" શ્રી રામકૃષ્ણે એને એમ કરવાની સ્પષ્ટ ના પાડી ને તે ચાલુ રાખવા કહ્યું.

જાણે એ નાનો બાળક હોય એ રીતે હવે એની સાથે પિતૃવાત્સલ્યથી વર્તતા અને ઘણીવાર એને પોતાના હાથે જ મિઠાઈ ખવડાવતા. કેવો અદ્દભુત પ્રેમ !

પછી એક દિવસ, શ્રી રામકૃષ્ણે ગિરીશને કહ્યું, " તારે ગમે તેટલું કામ હોય છતાં દિવસમાં ઓછામાં ઓછા બે વખત તો ભગવાનને યાદ કરવા. એકવાર સવારે ને બીજીવાર સાંજે. "

ગિરીશને પ્રથમ દૃષ્ટિએ લાગ્યું કે, આ તો ઘણું સહેલું છે, પરંતુ પછી વિચાર કરતાં એને જણાયું કે એનું જીવન તો ઘણુ બધુ અવ્યવસ્થિત, કામના બોજાવાળું તેમજ આવેગો ને કટોકટીઓના તકાદાઓવાળું છે, કે એમાં કેટલીય વાર નથી રહેતું તેનું ખાવાનું કે સુવાનું ઠેકાણું. આવુંજ જીવન હોય તો તે કેવી રીતે ઈશ્વરને સવારે ને સાંજે–નિયમિત રીતે યાદ કરવાનું વચન આપી શકે ? આથી એના અંતરાત્માએ આવા વચનથી બંધાવા ના પાડી.

" વારૂ, એમ ન કરી શકે, તો રાતે કે સવારે દિવસમાં ગમે ત્યારે એકવાર સૂતાં કે જમતાં ભગવાનને યાદ કરી શકીશને ? " શ્રી રામકૃષ્ણદેવે કહ્યું.

પરંતુ આવું વચન આપવા પણ ગિરીશ તૈયાર ન થયો. ખરી વાત તો એ હતી કે કોઈપણ પ્રકારની આત્મશિસ્ત તેના સ્વભાવની વિરુદ્ધ હતી.

" જો એમજ હોય, તો તારો અધિકાર પત્ર-Power of Atternoy, તો મને આપીશને ? " –રામકૃષ્ણદેવે સામો



પ્રશ્ન કર્યો. " આ ક્ષણથીજ. હું તારી બધીજ જવાબદારી ઉઠાવી લઉં છુ. બસ હવે તારે કંઈજ નહિ કરવું પડે. "

આ સાંભળી ગિરીશ ખૂબ રાજી થઈ ગયો. એને તો આવું જ જોઈતું હતું કે જેમાં કોઈ જવાબદારી ન હોય ને બધાં પાપોમાંથી મુક્તિ મળી જાય.

શ્રી રામકૃષ્ણદેવનો આ પ્રસ્તાવ એણે તુરત જ સ્વીકારી લીધો. અને પોતે વિચાર્યું કે મુક્ત હવાની જેમ તે પણ હવે સ્વતંત્ર બની ગયો !

પરંતુ ગિરીશની આ ધારણા સાવ ખોટી નીવડી. એની પ્રતીતિ એને જલદીથી થઈ ગઈ. આમ કરીને તો એણે પોતાની જાતને શ્રી રામકૃષ્ણને આધીન કરી દીધી હતી. એકવાર એક સાધારણ બાબત અંગે એ બોલ્યો, " હું આ કરીશ, ' કે તુરત જ શ્રી રામકૃષ્ણે એને સુધારતાં કહ્યું કે એમ ભારપૂર્વક તારાથી કહેવાય નહિ; તારે એમ કહેવું જોઈએ, કે ભગવાનની ઈચ્છા હશે તો હું આ કરી શકીશ." તે પછી, ગિરીશે પોતાની બધી જ ઈચ્છાઓ સંપૂર્ણપણે રામકૃષ્ણદેવને સમર્પિત કરી દીધી હતી, કેવું અદ્દભૂત આત્મ-સમર્પણ !

પાછલાં વર્ષોમાં તે યુવાન ભકતોને કહેતા કે ધાર્મિક જીવનમાં સંપૂર્ણ આત્મ–સમર્પણનો માર્ગ પોતાના ઉપર આધાર રાખવાના તેમજ પ્રયત્નવાદના માર્ગ કરતાં, ખરેખર ખૂબ જ અઘરો છે. "આ મારો જ દાખલો જુઓ-ને. હું મારી મેળે એક શ્વાસ લેવાને પણ શક્તિમાન નથી." આમ કહેવામાં એમનો ભાવાર્થ એ હતો કે ભગવાનની સહાય વગર તેઓ પોતાની ઈચ્છાથી કશું જ કરવાને શક્તિમાન ન હતા.

( અનુસંધાન પાના ૧૨ ઉપર )

# નિર્ભય યોગ

સંત શ્રી આશારામજી

**मानव खोजन मैं चला, मानव का बडा सुकाल ।**
**जिसको देखे हृदय ठरे, उसका भया अकाल ॥**

ફકીરની શોધઃ-

એક ફકીર ભર બપોરે હાથમાં સળગતું ફાનસ લઈ ને એક મેળામાં ફરી રહ્યો હતો. ક્યારેક ક્યારેક કોઇ વ્યક્તિના ચહેરા સામે ફાનસ ધરતો, એકીટસે તેના સામે જોતો ને પછી આગળ

---

(પાના ૧૧ નું ચાલુ)

ઈ, વી. ૧૯૧૨માં ગિરીશ ઘોષનો સ્વર્ગવાસ થયો. એમણે જીવનમાં ઘણી ચઢતી-પડતીઓ જોઈ. કાળની અનેક થપાટોથી ઘડાયેલી એમની કેવી ઉમદા દેહયષ્ટિ-જે જીવનના છેલ્લા શ્વાસ સુધી શ્રી રામકૃષ્ણદેવમાં અનન્ય ભક્તિભાવ ધરાવતી રહી. શ્રી. રામકૃષ્ણદેવ સાથેના એમના સંબંધનું એક આશ્ચર્યકારક પરિણામ એ આવ્યું કે આજે પણ કલકત્તામાં લગભગ બધાં જ નાટ્યઘરોના સ્ટેજના પાછળના ભાગમાં શ્રી રામકૃષ્ણદેવનો ફોટો લટકતો દેખાશે, કલાકારો પોતાના અભિનય માટે સ્ટેજ ઉપર પ્રવેશતા પહેલાં એમને અવશ્ય પ્રણામ કરવાના.

ગિરીશ ઘોષને નાટ્યકળાની પ્રવૃત્તિ ચાલુરાખવાનું અનુમોદન તેમજ પ્રોત્સાહન આપીને, શ્રી રામકૃષ્દેવ જાણે કે બંગાળમાં રંગભૂમિના આશ્રયદાતા સંત બની ગયા.

( શ્રી ક્રિસ્ટોફર ઈશિનવુડના “ રામકૃષ્ણ અને એમના ભક્તો ” ના આધારે )



ચાલ્યો જતો. મધ્યાહ્નનો સૂર્ય પ્રકાશી રહ્યો છે છતાં પણ આ ફકીર હાથમાં સળગતું ફાનસ લઈ ને શું શોધી રહ્યો છે? લોકોને ખુબ આશ્ચર્ય થયું. કોઇએ ફકીરને પૂછ્યું : “ બાબા, શું શોધી રહ્યા છો? ”

બાબા : “ માનવ. ”

આટલા બધા લોકો મેળામાં ભમી રહ્યા છે ને આ બાબાને કોઇ માનવ નથી મળતો? લોકોએ માની લીધું કે આ કોઇ પાગલ છે.

ફકીરોની અટપટી ક્રિયા જ્યારે આપણી બુદ્ધિમાં નથી ઊતરતી ત્યારે આપણે તેમને પાગલ ગણી લઇએ છીએ અને પોતાને ડાહ્યા-સમજદાર માનીએ છીએ. પરંતુ વાસ્તવિક સમજ શું છે એની તો આપણને ખબર જ નથી. આપ પણ એ ફકીરને પાગલ કહેશો, પરંતુ જરા આપના જીવનમાં ડોકિયું કરીને જુઓ-બારીકાઇથી નિરીક્ષણ કરો : શું આપણે માનવ છીએ?

આપ શું છો?:-

એક ઘરમાં કોઇ ચોર ઘૂસી ગયો. પત્ની અવાજ સાંભળીને જાગી ગઈ અને પોતાના પતિને જગાડતાં બોલી : “ અરે સાંભળો છો? ઊઠો ઊઠો......ઘરમાં કોઇ ચોર પેઠો હોય એવું લાગે છે. ”

આ સાંભળીને પતિ ગભરાઇ ગયો ને બોલ્યો : “ હેં... ચોર? તો બોલાવો કોઇ માણસને. ”

પત્ની કહે : “ તો આપ શું છો? ”

એને ખબર જ નથી કે હું પણ માણસ છું...પુરુષ છું.

આપને પણ કોઇ પૂછે કે આપ શું છો તો આપ કહી તો દેશો કે હા, હું માણસ છું, પરંતુ..........

નિર્ભયતા જ જીવન છે:-

આજે માનવીનું જીવન કેવું ભયભીત છે! જીવનમાં ડગલે ને પગલે ભયના ભણકારા વાગી રહ્યા છે. ક્યાંક આવું ન થઈ જાય.... ક્યાંક તેવું ન થઈ જાય, ઘરમાં ચોરી ન થઈ જાય, મિત્ર સાથે અણબનાવ ન થઈ જાય, ક્યાંક અપમાન ન થઈ જાય, ઘડપણ ઘેરો ન ઘાલે, વેપાર ધંધામાં નુકશાન ન થાય, ક્યાંક બિમારી ન આવી જાય! એક દિવસ જેનો વિયોગ નિશ્ચિત થવાનો જ છે એવી જડ વસ્તુઓ, જુદી પ્રતિષ્ઠા અને નશ્વર સંબંધોને સંભાળતાં સંભાળતા જ આપણું આખું જીવન વ્યતીત થઇ જાય છે. બહાર આપણે જે કંઈ ભેગું કર્યું છે તે તમામ મૃત્યુ આવીને એક જ ઝાટકે આપણી પાસેથી છીનવી લેશે.

માનવીનું આખું જીવન ચિંતાથી ભરેલું છે. જીવનમાં નિશ્ચિંતતા ક્યાં છે? આટલું ભયભીત જીવન? જીવનમાં નિર્ભયતા ક્યાં છે? અને નિર્ભયતા આવ્યા વિના સુખ ક્યાં?

નિર્ભયતા જ જીવન છે. ભય જ મૃત્યુ છે.

સ્વામી રામતીર્થ કહેતા:

"તમને જો સ્વર્ગના ફિરસ્તા બનાવવામાં આવે, અથવા મોતીઓનો ખજાનો આપવામાં આવો અને તમારી પ્રસન્નતા કે નિર્ભયતા પર પ્રતિબંધ મૂકવામાં આવે તો એ ફિરસ્તાનું પદ કે મોતીઓનો ખજાનો ઠુકરાવી દેજો. પણ પ્રસન્નતા કે નિર્ભયતા ન છોડતા."

પ્રસન્નતા જ તો જીવનનું સુગંધિત પુષ્પ છે. જો તમે પ્રસન્ન હશો તો સમગ્ર વિશ્વ પ્રસન્ન થવાનું જ છે. ખરેખર, જો તમે પ્રસન્ન હો તો દુ:ખી વ્યક્તિ પણ તમારી પાસે આવીને પ્રસન્નતાથી ખીલી ઊઠશે. એ પોતાનું દુઃખ ભૂલી જશે. તમે જો ભયભીત હો તો એક ગલૂડિયું પણ તમારી પાછળ દોડીને તમને ડરાવી દેશે. જે ભયભીત છે એને



લોકો વધારે ભયભીત કરે છે. જે નિર્ભય છે એની આગળ જગત નમે છે.

પહેલાં પોતાના સ્વરૂપને જાણી લો :

ફકીરને એ જોઈને દયા આવે છે કે તમારી અંદર એ નિર્ભય સ્વરૂપ આત્મદેવ બેઠેલા છે છતાં પણ તમે ભયભીત છો. પોતાના નિર્ભય સ્વરૂપને જાણો અને બધી જ નિર્બળતાઓથી મુકત થઈ જાઓ. ઉખેડીને ફેંકી દો તમારી ગુલામીઓને-દુર્બળતાઓને દીન-હીન જીવનને ઘસડતાં જીવવું એ તે કંઈ જીવન છે? હું તો કહીશ કે બધાં જ કાર્યોને એક બાજુ મૂકી દઈને પહેલાં પોતાના સ્વરૂપને જાણી લો. પછી જુઓ કે તમારા માટે કોઈ કાર્ય કરવાનું બાકી રહ્યું છે ખરું? જેવી રીતે હાથીનાં પગલાંમાં બીજાં બધાનાં પગલાં આવી જાય છે તેવી રીતે આત્મજ્ઞાનનું આ એક કાર્ય કરી લેવાથી આપણાં બધાં જ કાર્યો પૂરાં જઈ જશે. આપણે મૂળ છોડીને પાંદડાંને પાણી પાઈએ છીએ. આપણે બધાં કાર્યો પૂરાં કરવા મથીએ છીએ અને એકેય પૂરુ નથી થતું. જીવનના સંધ્યાકાળે ખ્યાલ આવે છે કે બધાં કામ અધૂરાં પડ્યાં છે ને જે કામ પૂરાં થયેલાં માનતા હતા તેનાથી પણ હવે વિખૂટા પડી રહ્યા છીએ. કાર્યો પૂરાં ન થયાં—જીવન પૂરુ થઈ ગયું.

पूरे जगत के कार्य कोई भी कभी नहीं कर सका ।
शीतोष्ण से सुख दुःख से, कोई भला क्या तर सका ॥
निस्संग हो, निश्चिंत हो, नाता सभी से तोड दे ।
करता भले रहे देह से, ममता अहंता छोड दे ॥

(ક્રમશઃ)

# પ્રકાશના પંથે

યોગેશ્વરજી
સંક્ષેપ : દીપક પ્ર. મહેતા

## હિમાલય જવાનો નિર્ણય

મુંબઈમાં મેં સ્વામી રામતીર્થ વિશે વાંચ્યું હતું. વડોદરામાં મારા હાથમાં એમનું જીવનચરિત્ર આવી ગયું. તેના વાંચનમાં મને ખૂબ રસ પડ્યો. તેમાં આવતા હિમાલયના વિવિધ પ્રદેશોના વર્ણનથી હિમાલય માટેના મારાં આકર્ષણ અને અનુરાગમાં વધારો થયો. હિમાલયમાં જવાના વિચાર મારા મનમાં પ્રબળ બનીને રમવા માંડ્યા. હિમાલયના કુદરતી સૌંદર્યથી ભરેલા શાંત અને એકાંત પ્રદેશમાં રહેવાનો અવસર મળે તો મને શાંતિ મળે ને વહેલામાં વહેલી તકે ઈશ્વરનો સાક્ષાત્કાર થઈ શકે તેવી ભાવનાથી મારું અંતર ઊભરાવા માંડ્યું. પણ હિમાલયમાં જવું કેવી રીતે? હિમાલયના પવિત્ર પ્રદેશની મને માહિતી જ નથી, ત્યાં તે પ્રદેશમાં જઈને વસવું કેવી રીતે? કોની આગળ મારા રાગમય હૃદયને ખુલ્લું કરું કે જેથી મારો ભાવનાભાર હળવો થાય ને મને જરૂરી માર્ગદર્શન મળે? ઈશ્વરે અનેકને માર્ગદર્શન આપ્યું છે, તો મારો હાથ પણ જરૂર પકડશે; મારે માટે પણ વિલંબ નહીં કરે, એ શ્રદ્ધા મારા હૃદયમાં દૃઢ થઈ.

વૈરાગ્ય અને ત્યાગના વિચારો મારા જીવનમાં પ્રબળ બન્યા તેના પરિણામે મારા બાહ્ય જીવનમાં કેટલોક ફેરફાર થયો. કેટલીકવાર હું એક જ વાર ભોજન કરતો. ચંપલ કે બુટ પહેરવાનો ને કોટ પહેરવાની ટેવનો ત્યાગ કર્યો, ને તદ્દન



સાદાઈથી રહેવાની શરૂઆત કરી.

તે દિવસોમાં મારા હાથમાં એક પુસ્તક આવ્યું. સ્વામી પરમાનંદે તેમાં તેમના ગુરુ સ્વામી શિવાનંદનું જીવન વિસ્તારથી વર્ણવેલું. મને થયું કે આવા મહાન સંતપુરુષનો મને આ રીતે પરિચય કરાવવા બદલ મારે ઈશ્વરનો આભાર માનવો જોઈએ, વધારે હરખની વાત એ હતી કે સ્વામી શિવાનંદ કોઈ ભૂતકાળના નહીં પણ વર્તમાનકાળના સંત હતા. તે હજુ સદેહે પૃથ્વી પર હતા. તેમનો આશ્રમ હિમાલયના ઋષિકેશ નામના સુંદર સ્થળમાં ગંગાના તટ પર હતો. આ બધી માહિતી મારામાં આશા ને ઉત્સાહની જ્યોતિ જગાવવા માટે પૂરતી હતી. ગંગા, હિમાલય અને એક ઉચ્ચ દશાએ પહોંચેલ સાક્ષાત્કારી સંતપુરુષ ત્રણે વસ્તુનો સંયોગ વિરલ કહેવાય ને તેનો લાભ મળી જાય તો જીવન સફળ થઈ જાય એમાં સંદેહ નહીં. મને થયું કે ઈશ્વરે મારી પ્રાર્થના સાંભળીને મારે માટે માર્ગ ખોલી દીધો છે.

બેચાર દિવસમાં જ મેં સ્વામી શિવાનંદને પત્ર લખી દીધો. તેમાં મારા ચાલુ જીવનનો ચિતાર રજૂ કર્યો અને આશ્રમમાં સાધના કરવા પ્રવેશ આપવાની રજા માગી. આઠેક દિવસમાં એમનો ઉત્તર આવી ગયો. તેમણે ટૂંકા પ્રત્યુત્તરમાં મારા આધ્યાત્મિક સંસ્કારો ઘણા ઊંચા છે ને મારું જીવન એ સંસ્કારોનું પોષણ કરવાથી ખૂબ જ ઉજ્જવલ થશે એવો ઉત્સાહજનક સંકેત કર્યો, ને મને થોડો વખત રાહ જોવા કહ્યું.

પણ મને તે સૂચના અસ્થાને લાગી. મને થયું કે શિવાનંદજીને હજી મારી લગની, ભક્તિ ને વૈરાગ્યવૃત્તિનો બરાબર ખ્યાલ આવ્યો નથી લાગતો, નહીં તો તે મને આવી સલાહ

સૂચના આપવાને બદલે તરત આશ્રમમાં જ બોલાવી લેત. વળી મને થયું કે પત્રો દ્વારા હૃદયના ભાવોની અભિવ્યક્તિ પણ પૂરેપૂરી રીતે ક્યાંથી કરી શકાય? તેમાં વખત પણ ઘણો વીતી જાય એટલે મેં શિવાનંદજીના દર્શને જવાનું નક્કી કર્યું મને પ્રત્યક્ષ જોવાથી સ્વામીજીને મારો સાચો તે ચોખ્ખો ખ્યાલ આવશે ને મને આશ્રમમાં રહેવાની મંજૂરી જરૂર મળી જશે એવી મારી ધારણા હતી.

માતાજીના ભાઈ રમણભાઈને ત્યાં હું રહેતો હતો. તેમને મેં હિમાલય જવાનો મારો નિર્ણય જણાવી દીધો. તેમને મારા આજ સુધીના માનસિક વિકાસની બરાબર ખબર ન હતી તેથી તેમને નવાઈ લાગી, દુઃખપણ થયું. તેઓ મને સમજાવવા માંડ્યા. હું હિમાલય જઈશ તો માતાજીની સંભાળ કોણ લેશે? એમ તેમણે કહેવા માંડ્યું. મેં કહ્યું, “જે સૌની સંભાળ લે છે તે તેમની પણ લેશે. તેમનો વિચાર કરીને હું બેસી નહીં રહું. ઈશ્વર સૌની રક્ષા કરવા તૈયાર છે. એટલે મને કોઈની ચિંતા નથી. હિમાલય જવાનો મારો નિર્ણય અફર છે.”

મારી અડગતા જોઈ તેઓ મૂંઝાયા. વિચાર કરીને છેવટે મારી આગળ તેમણે એક શરત મૂકી. તેમણે કહ્યું, ‘તમે જાવ તેનો વાંધો નથી. પણ તમારા પહેલાંના દેવાની રકમમાંથી સો રૂપિયા બાકી રહ્યા છે તે ભરી દો.’

શરત ઘણી ભારે હતી. તેમના મનમાં ખરી રીતે તો એવું હતું કે ગમે તેવો પ્રયત્ન કરવા છતાં પણ મને સો રૂપિયા જેટલી મોટી રકમ નહીં મળી શકે. એટલે મારું હિમાલય જવાનું આપોઆપ બંધ રહેશે. મને પણ તેનો



વિચાર કરતાં કામ ઘણું કઠિન લાગ્યું.

પરંતુ મુશ્કેલીથી ડરવાનો, ડગવાનો કે હિંમત હારી જવાનો મારો સ્વભાવ ન હતો પ્રતિકૂળતામાંથી પણ અનુકૂળતા શોધી કાઢવાની મારી પ્રકૃતિ હતી. મૂંઝવણોથી મહાત થવું, મૂરઝાઈ જવું ને મરી જવું મારા નિયમથી વિરુદ્ધ હતું.

તે વખતે ઈશ્વરની કૃપાથી એક વિચાર મને સૂઝ્યો. કહો કે ઈશ્વરે સૂઝાડ્યો. મેં તે વખતે કેટલાક ધાર્મિક લેખો લખેલા. મને વિચાર થયો કે સસ્તું સાહિત્યવર્ધક કાર્યાલયના સંચાલક શ્રી ભિક્ષુ અખંડાનંદને તે લેખો મોકલું ને સાથે સાથે મારી વર્તમાન દશાને હિમાલય જવાની ઈચ્છાને રજૂ કરતો લાંબો કાગળ લખું. તે લેખોના પુરસ્કાર તરીકે મને સો રૂપિયા મળી જાય તો મારી મુશ્કેલી દૂર થાય.

ભિક્ષુ અખંડાનંદનો મને પ્રત્યક્ષ પરિચય ન હતો. છતાં પણ મારી સહજ હિંમતથી પ્રેરાઈને મેં તેમને એક લાંબો કાગળ લખ્યો ને તેની સાથે પંદરથી વીસ જેટલા લેખ મોકલ્યા. મારું એ પગલું હિંમતભર્યું હતું તો પણ મારે એનો આધાર લેવો પડ્યો. સ્વામીશ્રી ભિક્ષુ અખંડાનંદના પ્રત્યુત્તરની પ્રતીક્ષામાં મારા દિવસો અચોક્કસ મનોદશામાં પસાર થવા લાગ્યા. (ક્રમશઃ)

# શ્રેયયાત્રા

ભાઈલાલભાઈ છાટબાર

### ગુપ્ત અદૃષ્ટનો સાદ

તા. ૨૨–૧૧–'૫૨ની સવારની બેઠક શરૂ થઈ છે.

મહાત્માજી ગાદી ઉપર તકિયાને અઢેલીને બેઠા છે. માતાજી પોતાના અલગ આસન ઉપર છે.

સવારે ૯–૦૦ વાગ્યે હું પહોંચ્યો અને પ્રણામ કરીને બેઠો.

આ સૌમ્ય, આનંદમૂર્તિ અને પ્રેમકરુણાભાવથી ભરપૂર સંતપુરુષનાં એક વારનાં દર્શન-સમાગમ દર્શનાર્થીને હંમેશના માટે પોતાના બનાવી મૂકે છે.

ચિત્તવૃત્તિની શુદ્ધિ અને ભક્તિના ઉદય વિષે તેઓશ્રી વાત કરી રહ્યા છે.

નિષ્કામ કર્મ, મંત્રજપ, ધ્યાન, વૈરાગ્ય વગેરે સાધનો સાધનામાર્ગમાં ચિત્તશુદ્ધિ માટે મહત્ત્વનો ભાગ ભજવે છે, અને ચિત્તશુદ્ધિની પ્રતિષ્ઠા થઈ જાય પછી નિત્યનિરંતર નિયમિત સાધના કરતા સાધકની સાધનમાર્ગમાં પ્રગતિ થાય છે; એમ તેઓશ્રી કહી રહ્યા છે. ચિત્તશુદ્ધિ થઈ જાય પછી જ ચિત્તશુદ્ધિ દ્વારા જ્ઞાન કે ભક્તિનો ઉદય થાય છે. જ્ઞાન કે ભક્તિનો આ ઉદય પરમાત્મસત્તાની ઓળખ અને તેની નિકટતા સ્થાપિત કરે છે. પરમાત્મસત્તાની સ્વાનુભૂતિ એ ત્યારપછીની આગળની કક્ષા છે. આવી સ્વાનુભૂતિ એ જ



મોક્ષ એટલે કે દુઃખોની અને અજ્ઞાનની આત્યંતિક નિવૃત્તિ તે... પરાત્પર શક્તિના સાક્ષાત્કાર માટેનો આવો ક્રમ તેઓશ્રી જણાવી રહ્યા છે.........

કવિત્વમય શબ્દશક્તિ, મનમોહક રસબોધ અને પ્રાણપોષક પ્રેરણા સારીય હૃદયાકાશને આવરી રહેલ છે. ભાવવિભોર હૃદયે હું આ બધું સાંભળી રહ્યો છું. વિશુદ્ધિની સ્થાપના સિવાય ભક્ત, જ્ઞાની, યોગી કે કર્મક્ષેત્રનો પુરુષાર્થી કંઈ પ્રગતિ કરી શકતો નથી, એવી તેઓશ્રીની સત્યવાણી હૃદયંગમ થઈ રહી છે.

હજી કોઈ અન્ય વ્યક્તિ આવેલ નથી.

**મહાત્માજી**—આ સૌ આવે છે–મળે છે પણ તમારા પ્રત્યે મારા હૃદયમાં વિશેષ ભાવ જાગે છે. તમે કંઈ સાધન-ભજન કરો છો ?

**મેં ઉત્તર આપ્યો**—વીશેક મિનિટ સુધી રોજ સવારે ધ્યાનમાં બેસું છું.

**મહાત્માજી**—પ્રાણાયમ અને મુદ્રાની તેમાં મદદ લો છો ?

**મેં કહ્યું**—ધ્યાન વખતે પદ્માસનમાં બેસું છું. પ્રાણાયામ અને મુદ્રા કરતો નથી પણ આરંભમાં દસ વાર ઊંડા શ્વાસ-પ્રશ્વાસ લઉં છું.

**મહાત્માજી**—ખાસ વાચન શું શું કર્યું છે ?

**મેં જણાવ્યું**—શ્રેય સાધક અધિકારીવર્ગનું, શ્રી અરવિન્દનું તથા શ્રી માતાજીનું કેટલુંક સાહિત્ય વાંચ્યું છે.

રાધાકૃષ્ણન્ અને ટાગોરનાં કેટલાંક પુસ્તકો વાંચ્યાં છે. પોલ બ્રન્ટન અને વીલ ડુરાન્તને પણ વાંચ્યા છે. ગીતા ઉપર ઘણાં પ્રવચન સાંભળ્યાં છે પણ ઉપનિષદ ઉપર કોઈ ખાસ ભાષ્ય વાંચ્યાં નથી. માત્ર સસ્તા સાહિત્યનું 'સો ઉપનિષદ' પુસ્તક વાંચી ગયો છું. ગુજરાતી સાહિત્ય પણ ઠીક ઠીક વાંચ્યું છે.

**મહાત્માજી**—તમે એક દિવસ સવારે વહેલા આઠ વાગ્યે આવી જાઓ એટલે ધ્યાનનો થોડો વિધિ બતાવું. કાલે રવિવાર છે. સોમવારે વહેલા આઠ વાગ્યે આવી જાઓ......

આટલું તેઓશ્રીએ કહ્યું એટલામાં એક અન્ય ભાઈ દર્શન-વંદન માટે આવ્યા. તેણે મહાત્માજીને પ્રણામ કર્યા અને તેઓશ્રીએ સસ્મિત તેને આવકાર્યા.

મારું આ બધામાં હવે ધ્યાન ન હતું. મારા માટે નવી ક્ષિતિજ ઊઘડી ગઈ હતી, તે તરફ મારી સમગ્ર ચેતના કેન્દ્રિત થઈ ગઈ હતી.મહાત્માજીની વાણીના આજના સ્નેહ સ્પર્શથી મારા મન-પ્રાણ ઝંકૃત થઈ ઊઠયાં હતાં. મનના આકાશમાં અનેક પ્રકાશ કિરણ ઝબકી ઊઠયાં હતાં. ભરી દુનિયામાંકોઈ આધાર ન હોય તેવા નિરાધારને જાણે અચાનક સબળ આધાર સાંપડી ગયો હતો.

બહુ બહુ વર્ષોની વિક્ષુબ્ધતા જાણે એક ક્ષણમાં ટળી ગઈ અને સુસ્થિરતા સાંપડી. અનેક વર્ષોથી મનના ખૂણામાં આગ્રહ-પૂર્વક અડ્ડો જમાવીને પડેલી ઘણી ઘણી અસ્તવ્યસ્તતા જાણે આંખના એક પલકારામાં દૂર થઈ ગઈ અને તેને સુવ્યવસ્થિત કરવાનો આ અમૂલો અવસર ઊભો થયો. સ્વદેશ-સ્વઘરે પ્રત્યાગમનનો મંગળ સૂરજ આજે હૃદયાકાશમાં ઝળાંઝળાં પ્રકાશિત થઈ ઊઠયો.



મનપંખી કયાંય માળો બાંધતું ન હતું તેને આજે આશ્રય-સ્થાન મળી ગયું હતું. અનેક સંન્યાસી-મહાત્માઓને સાંભળ્યા હતા અને કેટલાકના ચરણે બેસી હૃદયની-આત્માની પિપાસા શાન્ત કરવા અવિરત પ્રયત્ન ચાલુ રહ્યો હતો. આ કેટલાકમાં પણ એક વિભૂતિ પૂ. ભૂમાનંદજી સ્વામીમાં શ્રદ્ધા સવિશેષ રૂપે જાગી હતી. પરંતુ તેઓને પણ ગુરુપદે સ્થાપી સ્વીકાર-વાનો ભાવ જન્મ્યો ન હતો.

પંદર વર્ષ પહેલાંના-પહેલા અને છેલ્લા-મિલન વખતે તેઓએ હૃદયમાં કંપન જગાડયું હતું અને તેઓના સાન્નિ-ધ્યમાં દિવસો સુધી કલાકોના કલાક ગાળ્યા હતા. તેઓ પાસે અન્ય કેટલીક પરિચિત વ્યક્તિઓને દીક્ષા લેતી પણ જોઈ હતી. આ બધું છતાં દીક્ષા લેવાનો ભાવ મારા હૃદયમાં જન્મ્યો ન હતો.

પણ આજની વાત જુદી હતી. જીવનની અણમોલ પળ આવી પહોંચી હતી. ગુરુદીક્ષા પામવાનો ઉત્કટ ભાવ અને અદમ્ય ઉત્સાહ આજે હૃદયમાં જન્મ્યો હતો.

ગુપ્ત અદૃષ્ટનો સાદ આવ્યો હતો. હું પસંદગી પામી ચૂકયો હતો. અંતરના અંતર તમમાં આ પસંદગીનો સ્વીકાર કરી લેવાની આજે મંગળ ઘડી આવી હતી.

જાણે કિનારો ભૂલેલાને કિનારાનો માલમી મળી ગયો હતો.

સવારની બેઠક કયાં પૂરી થઈ ગઈ, તેનો ખ્યાલ પણ ન રહ્યો.

બપોરે ૩-૩૦ વાગ્યે પહોંચીને પ્રણામ કરીને બેઠા.

મહાત્માજી ગાદી ઉપર બેઠા છે

અન્ય બે વ્યક્તિ દર્શન-વંદન માટે આવી પહોંચેલ છે.

આજે જપ, મિતાહાર અને અનન્યતા વિશે સંવાદ ચાલ્યો.

**પ્રશ્ન**—કેટલા જપ રોજ કરવા જોઇએ ?

**મહાત્માજી**—માળાની નિશ્ચિત સંખ્યા પ્રમાણે પણ ચાલી શકાય અથવા અર્ધો કલાક કે કલાક-બે કલાક એમ સમયનું માપ રાખીને પણ ચાલી શકાય.

**પ્રશ્ન**—ભકતે ભોજનમાં કેવી રીતે વર્તવું જોઇએ ?

**મહાત્માજી**-શુદ્ધ સાત્ત્વિક વસ્તુઓ જ ભોજનમાં લેવી જોઇએ. મિતાહાર બહુ જરૂરી છે. પરમાત્માનો પ્રસાદ છે એવી ભાવનાથી પ્રત્યેક કોળિયા સાથે ઇષ્ટનો નામ-જપ કરતા જાય તો ભોજન મંગળમય બની જાય છે.

**પ્રશ્ન**—અનન્યતા એટલે શું ?

**મહાત્માજી**—અનન્યતાનો અર્થ કેવળ ઇષ્ટ સ્વરૂપમાં એકાગ્રતા નથી. પરમ ચેતનામાં—પોતાના ઇષ્ટ સ્વરૂપમાં પૂર્ણપણે પીગળી-ઓગળી જઈને એકાકાર બની વિલીન થઈ જવું. તે ખરા અર્થમાં અનન્યતા છે.

પ્રશ્નોના ઉત્તર તાત્કાલિક મળે છે. ઉત્તર એટલા બધા સચોટ હોય છે કે પ્રશ્નકર્તાને મનમાં સંતોષ થાય છે. તાત્કાલિક અપાતા ઉત્તરોથી સાનંદાશ્ચર્યનો અનુભવ થાય છે.

—જાણે માનવમનમાં ઊઠતા પ્રશ્નોનો અને તેના નક્કી ઉત્તરોનો મહાત્માજી પ્રથમથી જ ખ્યાલ ધરાવે છે. તેઓશ્રી-



ની સાધનાનો ફલક અતિ વિશાળ છે. દિવ્ય સૌંદર્ય, દિવ્ય પ્રકાશ અને દિવ્ય ચેતના સાથે તેઓશ્રીનું તાદાત્મ્ય પ્રતિષ્ઠિત છે એટલે આ ત્રણેયના ઐક્યથી ફલિત જ્ઞાનકિરણની આભા પ્રત્યેક પ્રત્યુત્તરમાં ઝબકતી દેખાય છે.

ગઈકાલે રાત્રે પ્રવચન સમયે જાહેરાત કરેલી હતી કે આજ શનિવારની રાતે કનુભાઈને ત્યાં સત્સંગ રહેશે, તેની યાદી આ બેઠકમાં ફરીથી આપી. સૌએ પ્રણામ કરીને રજા લીધી.

સાંજે ફરવામાં સાથે હતો.

સવારની સોનેરી ક્ષણોનું સ્મરણ મન ઉપર પ્રતિ પળે પ્રકટ થતું રહે છે. એવું પરમ ભાગ્ય આજે જાગ્યું છે—એવાં દિવ્ય દ્વાર ઊઘડ્યાં છે કે ચારેય તરફ આનંદ—આનંદ અનુભવી રહ્યો છું. અંદર આનંદ—બહાર આનંદ. પ્રત્યેક સ્થળ, પ્રત્યેક પળ આનંદથી ભરપૂર છે. રોમેરોમમાંથી આનંદ પ્રકટી રહ્યો છે.

વસ્તુ, વ્યક્તિ, પ્રસંગ, વાતચીત—બધું જ આજે મધુર પ્રતીત થઈ રહ્યું છે.

ફરીને પાછા આવતાં મહાત્માજીએ કહ્યું કે તમે આઠ વાગતાં સુધીમાં આવી જાઓ. કનુભાઈને ત્યાંનો સાડા આઠનો સમય છે એટલે તે પ્રમાણે જઈશું.

મેં પ્રણામ કરીને વિદાય લીધી અને જમી પરવારીને ઉતારા ઉપર આઠ વાગ્યે પહોંચી ગયો.

(ક્રમશ)

# ઠાકુરનો વિનોદ

શ્રી. યશસ્વીભાઈ ચ. મહેતા

હજુ હમણાની જ વાત છે. પૂરાં સો વર્ષ થયાં નથી. અષાડ સુદ બીજ વિ. સં. ૧૯૪૩ તારીખ છે ૨૫ જુન ૧૮૮૩, શ્રી રામકૃષ્ણદેવ ભક્તજનોને મળવા સદાય આતુર રહે. આમંત્રણ હોય તો તો અચૂક જાય. પણ વિના આમંત્રણે ય કોઈ વાર ભક્તગૃહે અચાનક વરસાદના ઝાપટાંની જેમ વરસી જાય. સંસારથી સંતપ્ત મનની જવાલાઓને ઠારી નાખે.

ઈશાન પણ આવા એક ભક્ત હતા. કલકત્તામાં કોમ્પ્ટ્રોલર જનરલની કચેરીમાં મુખ્ય અધિકારીનો ઊંચો હોદ્દો તેઓ ધરાવતા. તેમને ખબર પડી કે કોલેજ સ્ટ્રીટમાં એક ચેટર્જીને ત્યાં પંડિત શશધર ઉતર્યા છે. એને મળવા પરમહંસદેવ બપોર પછીની વેળાએ જવાના છે. એટલે તે પહેલાં પોતાને ઘેર તેમના શ્રી ચરણોની રજ પાડી કૃતાર્થ કરવા વિનતિ કરી છે, કેટલાક મિત્રોને પણ આમંત્રણ આપ્યું છે.

બુધવાર ને રથયાત્રાની રજા છે. ઈશાનના વિશાળ દીવાનખાનામાં ભક્તોથી ભીડ જામી ગઈ છે. સૌ ઠાકુરનાં દર્શન કરવા આતુર. તેમની રાહ જોતા તેઓ ચાતકની જેમ અધીર થઈને બેઠા છે.

હાજરા અને બીજા બે એક ભક્તો સાથે ઠાકુર આવ્યા. સૌએ ઊભા થઈ બે હાથ અને ઉત્તગમાં નમાવી તેમને પ્રણામ કર્યા. ઠાકુરની અંદર અહં શોધ્યો જડે તેમ નથી. તેમાં કેવળ ઈશ્વરનો જ નિરંતર નિવાસ છે. તેઓ પોતે બોલ્યા



છે કે આ (દેહ)ની અંદર હવે કંઈ રહ્યું નથી. ભક્તોનાં અંતર એ જ (મારાં) ઘર છે. એમને ત્યાં આ (ઈશ્વર) નો નિવાસ.

કાયા કૃશ થઈ ગઈ છે. પરંતુ મન–બુદ્ધિ–ચિત્ત–સર્વ કંઈ મા કાલીના આનંદ સ્વરૂપમાં એકાકાર થઈ ગયું છે. વદન ઉપર અને વાણીમાં એ આનંદ છલકે છે અને ભક્તોના હૃદયને પ્રસન્નતાથી ભરી દે છે.

આવતાં વેંત તેમની નજર શક્તિના ઉપાસક એક ભક્ત ઉપર પડી. તેમના કપાળમાં સિંદુરનું તિલક છે. એ જોઈને સહાસ્ય વદને વિનોદ કરે છે : આ તો ( સરકારી ) માર્કાવાળા ! સમસ્ત ભક્ત મંડળીમાં આ નિર્દોષ રમૂજથી આનંદની છોળ ઉછળે છે. શક્તિના ઉપાસક આ વિનોદને ઠાકુરના આશીર્વાદરૂપે ગ્રહણ કરી નમ્રતાપૂર્વક બે હાથ જોડી પોતાનું શિર નમાવે છે.

આ પ્રસંગે પિતાના મૃત્યુથી શોકાકુળ નરેન્દ્રને લઈને મે ( માસ્ટર મોશાય ) આવી પહોંચ્યા છે. ભવિષ્યના વિવેકાનંદ (નરેન્દ્ર) ની ઉમર માત્ર ૨૧ વર્ષની છે. પિતા જતાં વિશાળ કુટુંબનો બોજો તેમની ઉપર આવી પડ્યો છે.

ઠાકુરને ખબર પડતાં જ ઈશાન વ. ભક્તોને કહી દીધું છે કે નરેન્દ્રને નોકરી મળે તો કેવું સારું. બાળકની જેમ તેઓ નરેન્દ્રની ચિંતા કરે છે. માની ઉપર નિર્ભર બાળકની જેમ બોલે છે : મા, તમે જે કરો તે જ સાચું. સૌ તમારાં ને તમને અધીન. એટલે કે તેઓ જાણે છે કે નરેન્દ્ર કદી નોકરી કરવાનો નથી.

ગીત–સંકીર્તન ઠાકુરને ખૂબ પ્રિય છે. પખાજ, તબલાં, તંબુરો વ. વાદ્યતંત્રો આવી ગયાં છે. નરેન્દ્ર ગાવાના છે. પખાજમાં લગાડવા માટે ઘરમાંથી એક માણસે મેંદાનો લોટ આણ્યો તે જોઈને ઠાકુર વિનોદ કરે છે.

ઈશાન સામું જોઈને કહે છેઃ ઓ રે, હજુ તો કોરો મેંદો જ આવ્યો છે ત્યારે પ્રસાદ તો કોણ જાણે ક્યારે ય આવશે. વળી ભક્તજનોની મંડળીમાં આ નિર્દોષ આનંદ-ની છલક ઊડી અને સૌ હસી રહ્યા છે.

ભાગવતના એક પંડિત આવ્યા છે. તેઓ પણ હસીને એક કૌતુક ભર્યો સંસ્કૃત શ્લોક બોલે છે. પછી તેની વ્યાખ્યા કરતાં કહે છે:

દર્શન વગેરે શાસ્ત્રો કરતાં કાવ્ય મનોહર છે. એ સાંભળતાં વેદાંત, સાંખ્ય, ન્યાય, પાતંજલ વ. શાસ્ત્રો નિરસ લાગે. કાવ્ય કરતાં ગીત–સંગીત મનોહર. જડ હૃદયવાળાને ય તે પિગળાવી દે. સંગીત ગમે તેટલું મધુર હોય, છતાં જો સુંદર સ્ત્રી એ વખતે સામેથી પસાર થાય તો કાવ્ય સંગીત ને શાસ્ત્રો બધું ખૂણામાં પડયું રહે. પણ જો ભૂખ લાગી હોય ને પ્રસાદ ન આવ્યો હોય તો શાસ્ત્રો, કાવ્ય સંગીત, નારી એ કાંઈ ગમે નહિ !

આ સાંભળી ઠાકુર હળવેકથી વિનોદ કરે છે. તમને જોઈને એમ (લાગે) કે આ એકલા ભાગવતના કથાકાર. તમે તો ભેગા રસિકે ય ! સોનું જોઈ ખબર પડે નહિ કે ભેગી ક્યાંક સુગંધ છે।

સૌ ભક્તજનોની મંડળી આ સાંભળી ખડખડાટ હસી પડી. ઠાકુર બધાનો આનંદ સહાસ્ય વદને જોઈ રહ્યા.



# સંત રૈદાસ

સંકલન : જે. વી. શાહ

અનેક ભૌતિક અભાવોની વચ્ચે જીવતા છતાં, કેવલ પ્રભુમાં પોતાના ચિત્તને સતત જોડેલું રાખતા. એવા એક અલૌકિક સંતની આ વાત છે.

સંત રૈદાસનો જન્મ ચમાર જાતિમાં થયો હતો કાશીમાં એક નાનકડી ઝૂંપડીમાં એ રહેતા ને જોડા સીવવામાંથી જે કંઈ મળતું એનાથી પોતાની ને કુટુમ્બની આજીવિકા ચલા-વતા. બાકી એમનું મન તો સતત પ્રભુનાં શ્રીચરણોમાં જોડાયેલું જ રહેતું. એટલે એમને મન કોઈ ભૌતિક અભાવ–એ અભાવ ન હતો. એનું એમને કોઈ દુઃખ ન હતું. એમના મુખમંડળ ઉપર સદાય સંતોષની સુરખી એક સરખી શોભી રહેતી. જાણે કે કોઈ અમૂલ્ય ધનની પ્રાપ્તિ થઈ ગઈ હોય ને હવે કંઈ જ મેળવવાનું રહેતુ ન હોય–એવો પરમ સંતોષ એમના મુખમંડળ પર જણાતો.

ધીમે ધીમે એક સંત તરીકેની એમની ખ્યાતિ ચોપાસ ફેલાઈ રહી. સૂરજ ઊગે એટલે અજવાળું થોડું જ છાનું રહી શકે ? પછાત જાતિના હોવા છતાં અનેક સાધુસંતો પણ એમના દર્શને આવવા લાગ્યા.

એ અરસામાં કાશીમાં એક સંત આવ્યા. હતા તો એ પણ ફક્કડ રામ. પરંતુ એ પરમ ધની હતા. એમની પાસે પારસમણિ હતો, પછી બીજા ધનની એમને શી જરૂર ?

એમણે પણ સંત રૈદાસની ખ્યાતિ સાંભળી. એટલે

દર્શને જવાનું મન થયું. એઓ એમની ઝૂંપડીએ આવ્યા તો સંત રૈદાસ નીચું ઘાલી જોડા સીવતા હતા. પરંતુ એમનું મન તો પ્રભુસ્મરણમાં લાગેલું હતું.

રૈદાસની નાની સરખી, ફાટીતૂટી ઝૂંપડી જોઈ એમને થયું કે આને જો હું મારો પારસ આપું તો એનું દળદર ફીટે, ને જોડા સીવવાની માથાફૂટ પણ એને મટે. આમ વિચારી એ સાધુ મહારાજે સંત રૈદાસને પ્રણામ કરી, કંઈ ભેટ આપવાની ઇચ્છા પ્રદર્શિત કરી.

રૈદાસે કહ્યું “મહારાજ જેની પાસે બધું જ છે એને શી ભેટ આપશો ?”

સાધુને થઈ ગયું કે રૈદાસ પરમ સંતોષી છે. છતાં એમનો ભૌતિક અભાવ દૂર થાય એવી એમની ઇચ્છા હતી. એટલે એમણે કહ્યું: “આપને વાંધો ન હોય તો મારો પારસ હું આપવા માંગું છું. આપ તે સ્વીકારો હું પછીથી ગમે ત્યારે પાછો લઈ જઈશ.”

રૈદાસને થયું કે આ સાધુને મારી ભૌતિક ગરીબી સાલે એટલે એ પારસ આપવાની ઇચ્છા પ્રદર્શિત કરે છે. છે. એથી એ બોલ્યાઃ “મારે પારસની જરૂર નથી. પરંતુ આપની આપવાની ઇચ્છા જ હોય તો, આ ચીંથરે બાંધીને આ લોખંડની ડબીમાં મૂકો-ડબી છાપરાની વંડી નીચે ગમે ત્યાં ભરાવી દો.”

સાધુએ પારસને ચીંથરે વીટી, ડબીમાં મૂકી છાપરાની વંડી નીચે ડબીને ખોસી દીધી. એને એટલો સંતોષ થયો કે હવે બીજું કંઈ નહિ તો પારસ રાખેલી લોખંડની ડબી તો



સોનાની થશે જ.”

પછી સાધુ પ્રણામ કરી જતો રહ્યો.

કેટલાક દિવસો પછી પેલા ફક્કડ રામ સાધુ ફરી પાછા ફરતા ફરતા કાશી આવ્યા. એમને હતું કે હવે તો રૈદાસની ઝૂંપડીને ઠેકાણે મોટી હવેલી થઈ ગઈ હશે. ને સંત રૈદાસ જોડા સીવવાને બદલે હાથમાં તંબૂરો લઈ ભજન ગાતા ગાતા પ્રભુ સ્મરણ કરતા હશે. પરંતુ સંતની ઝૂંપડીએ જતાં જ એમણે જોયું તો એની એ જ જૂની ફાટી તૂટી ઝૂંપડીને રૈદાસ બેઠા ઊંધું ઘાલી, પ્રભુનું નામ લેતા જાય ને જોડા સીવતા જાય. એમને એ જોઈ ભારે આશ્ચર્ય થયું! સાધુએ પ્રણામ કરી, કહ્યું: ‘મહારાજ, શું હજુ આપ જોડાજ સીવો છો ?”

“તો બીજું શું કરું, સાધુ મહારાજ”

“હું આપને પારસમણિ આપી ગયેલો. એટલે મને હતું કે હવે તો આપનું દળદર ફીટી ગયું હશે.”

“ઓ હો, સાધુ મહારાજ, હું તો આપ પારસ આપી ગયેલા એ વાત જ ભૂલી જ ગયો.”

“અરે, મહારાજ. શું આપ ખરેખર એ ભૂલી ગયા !”

“ખરેખર, મને તો એ યાદ જ ન રહ્યું. પરંતુ હવે તો આપનો પારસ આપ લઈ જાઓ. મારે ત્યારેય જરૂર ન હતી. આજેય નથી.”

“તો લાવો એ પારસ. આપને ખરેખર એની જરૂર નથી. એની મને હવે ખાત્રી થઈ ગઈ !”

રૈદાસે જોડા સીવતાજ કહ્યું. “આપે ઝૂંપડીમાં જ્યાં મૂકયો

હતો, ત્યાંથી જ લઈ લો."

સાધુ મહારાજ ઝૂંપડીમાં ગયા ને જરા ધ્યાનથી જોતાં લાગ્યું કે પારસ મૂકેલી પેલી ડબી, છાપરાની વંડી નીચે જ ખોસેલી છે. તેનો ઉપર કચરો ને ધૂળ બાઝી ગયાં છે. તે અંબેરી ડબી કાઢી પરંતુ એમને એકવાત ન સમજાઈ, કે આ પારસવાળી લોખંડની ડબી કેમ સોનાની ન થઈ!

એમણે ઝૂંપડીમાંથી બહાર આવી, ડબીમાંથી ચીંથરે વીંટેલો પારસ કાઢી લીધો. છતાં એની મૂંઝવણ ન મટી. સંત રૈદાસ એ સાધુના મનની વાત સમજી ગયા. ને તરતજ બોલ્યા, "સાધુ મહારાજ, પ્રભુએ આપેલો આ આત્મા પારસ જ છે. જ્યાં સુધી એની ઉપર અવિદ્યાનું આ લુગડું વીંટેલું છે, ત્યાં સુધી મનુષ્ય દેહ સોનાનો શી રીતે થાય! જેનું અવિદ્યાનું આવરણ હટી ગયું, એનું બધું જ દળદર ફીટી ગયું. જનમવાનું સાર્થક થઈ ગયું. પરમધન એને હાથ લાગી ગયું. હવે એને બીજા પારસની શી જરૂર?

સાધુને હવે પોતાના પારસની નિરર્થકતા સમજાઈ. જેને સંતોષરૂપી પારસ પ્રાપ્ત થઈ ગયો, એને મન સ્થૂલ પારસની શી ખપ?

સાધુ આ પરમ આત્મતૃપ્ત સંત રૈદાસના ચરણોમાં પડી ગયો. એનું અવિદ્યાનું આવરણ આજે એમણે હટાવી દીધું. એનો એને અપૂર્વ આનંદ થઈ ગયો.



# જીવને બંધનનું કારણ

શ્રી. જી. ડી. અમીન.
નિવૃત્ત આઈ. એ. એસ.

[ પંચીકરણના આધારે. ]

હે ભાઈ! જેમ દેહ તું નથી, તેમ દેહ તારો પણ નથી. કેમ કે તે દેહ તો પંચમહાભૂતનો બનેલો છે, પણ તું અજ્ઞાનથી મારો છે એમ કહે છે. જેમ ઘડો છે પૃથ્વીનો, ને તું કહે છે કે તે તો મારો છે. જેમ ઘર, પથ્થર, લાકડાં, ચૂના વગેરેનું બનેલું છે, પણ તું અજ્ઞાનથી મારું છે એમ કહે છે. તે રીતે હાડકાં, માંસ, ત્વચા, નાડી અને રુધિર વગેરેથી બનેલો આ ભૌતિક દેહ તેનેય તું મારો છે એમ કહે છે. હે માનવ આ તારી મોટી ભૂલ છે, અજ્ઞાન છે.

હાડકાં, ચામડાં મારા છે, એમ ઉત્તમ જાતિના લોકો તો ન જ કહે, પણ તું તો અજ્ઞાનથી હાડકાં–ચામડાંનો આ દેહ મારો છે અને તે દેહ જ હું છું એમ ખરેખર માની બેઠો છે. હે ભાઈ એ જ તારા બંધનનું ખરું કારણ છે. વળી પંચભૂતનો દેહ પારકો છે, તેને તું મારો છે એમ કહે છે તેથી પંચભૂત તને દુઃખ દેશે. જ્યારે લોકમાં કલ્પિત ખોટા એક ભૂતના વળગાડથી માણસ કેટલું દુઃખ પામે છે, ત્યારે આ તો પ્રસિદ્ધ પંચમહાભૂતોના દેહમાં તું મમતા કરીશ, તો તે બધાં ભૂતો તને કેમ મૂકશે? છેવટે તો પારકી વસ્તુમાં મમત્વ કરવાથી કોઈ સુખી થતું નથી. એનું પરિણામ કેવળ દુઃખમાં જ આવે છે.

એક ઉદાહરણ જોઈએ: એક ધનવાન ગૃહસ્થ હતો. તેને સપ્તાહ, કથા, યજ્ઞ અથવા બ્રાહ્મણભોજન, જ્ઞાતિ ભોજન વગેરે શુભ કામો કરવાની ઇચ્છા થઈ પરંતુ પોતાના ઘર આગળ પૂરતી જગા ન હતી. આથી પંચની વાડી આ સારાં કામો માટે માંગી લીધી ને તેમાં જઈને સહકુટુંબ નિવાસ કરવા લાગ્યો. પરંતુ થોડા દિવસ પછી તે શુભકાર્યો કરવાનો જે વિચાર હતો, તે લોભાદિ દુર્ગુણને કારણે માંડી વાળ્યો અને વાડીની વિશાળ જગ્યામાં સુખચેનથી રહેવા લાગ્યો. એમ કરતાં ઘણા દિવસ વાડીમાં થઈ ગયા. તે પછી વાડીના માલિક પંચોએ તે વાડી ખાલી કરી પાછી સોંપવા માણસ સાથે સંદેશો કહેવડાવ્યો, તેમ છતાં પણ પેલા ભાઈએ કાંઈ દરકાર કરી નહિ. આથી આખરે પંચોએ મળીને તેને બોલાવ્યો. પણ તે અનેક પ્રકારનાં બહાનાં બતાવી તેમની પાસે પણ ગયો જ નહિ, ને ઊલટું બકવા લાગ્યો: 'આ વાડી તો મારી છે, પંચોને એની સાથે શું લાગેવળગે? પરંતુ પંચોએ માન્યું કે થોડા દિવસો કેડે એ સમજી જશે ને વાડી ખાલી કરી આપશે.

પરંતુ એમની એ ધારણા ખોટી પડી. વાડી એણે ખાલી ના જ કરી.

આખરે પંચોએ અદાલતમાં કેસ માંડયો. ત્યારે ન્યાયાધીશે તેને પૂછ્યું. "વાડી ખાલી કેમ કરતો નથી?" તેણે નિર્લજ્જ-પણે જવાબ આપ્યો: "વાડી મારી છે, એટલે શું કામ ખાલી કરી આપું?"

"તમારી વાડી છે, એનો પૂરાવો શું" એણે સામે દલીલ કરી, "પૂરાવો એ જ કે હું એમાં રહું છું."



ન્યાયાધીશે એની એ દલીલ માન્ય ન રાખી, ને વાડી ખાલી ન કરે ત્યાં સુધી જેલમાંથી મુક્ત ન કરવાની આજ્ઞા આપી.

આ જીવને પણ, યમરાજા પરાણે દેહરૂપી વાડીમાંથી લઈ જાય, ત્યાં સુધી એના ઉપરનો પોતાનો માલિકી હક્ક એ છોડવા તૈયાર થતો નથી.

શ્રીમદ્ ભાગવત્‌માં પણ ભગવાન શ્રીકૃષ્ણે પરમહંસોને સંબોધન કરતાં કહ્યું છે કે "यस्यात्मधी: कुणपे त्रिधातुके, स्वधीः कलत्रादिषु, ત્રણ ધાતુનું આ શરીર એ જ હું છું, અને પુત્ર પત્ની ઘરબાર એ જ મારાં છે, એમ માનવું એ જીવની મહાન ભૂલો છે. હું શરીર નહિ પણ આત્મા છું ને પત્ની પુત્ર ઘરબાર એ મારાં નથી, પરંતુ એક ઈશ્વર જ મારો છે, એ જ સાચી સમજ છે. બધાં જ શાસ્ત્રોનો એ જ સાર છે.

"જીવનમાં ભૌતિક સંપત્તિ ગમે તેટલી હોય, પરંતુ જ્યાં સુધી આત્મિક સુખ માટેની ભૂખ નથી જાગતી, ત્યાં સુધી સાચા સુખ કે શાંતિનો અનુભવ નથી થતો."

–શ્રી યોગેશ્વરજી

**કનેરીયા એન્જીનીયરીંગ વર્કસ**

શાંતિભાઈ કનેરીયા

**ઓઇલ એન્જીનના ઉત્પાદકો**

ઢેબર રોડ, રાજકોટ–૩૬૦૦૦૧

ફોન. નં ઘર : ૨૮૨૧૪ ઓફિસ : ૨૬૯૧૭

# રામકથા

યોગેશ્વર

( મિથિલા નગરી ચાલુ )

વિશ્વામિત્ર મુનિ જેવા મહા પ્રતાપી મુનિવર પોતાના નગરમાં આવી પહોંચ્યા છે એવા સમાચાર સાંભળીને રાજા જનકને ખૂબ આનંદ થયો.

એમનું હૈયું ઉછળવા લાગ્યું.

જે મુનિનું દર્શન દેવોને પણ દુર્લભ ગણાય છે તે મહામુનિ સામેથી ચાલીને પોતાને દર્શન આપવા ને કૃતાર્થ કરવા પધાર્યા છે એ જાણીને રાજા જનકનું હૃદય થનગનવા લાગ્યું.

એમને થયું કે મારો સૌભાગ્યનો સૂર્ય સોળે કળાએ ખીલી ઊઠ્યો. સીતાના સ્વયંવર જેવા મંગલ પ્રસંગે મારા આમંત્રણને માન આપીને મુનિવર પધાર્યા એ મારે માટે શુભ શુકન બરાબર છે. સ્વયંવરનું કામ હવે સુખપૂર્વક, સાંગોપાંગ રીતે સફળ થશે, એમાં શંકા નહિ.

મંત્રી તથા વિદ્વાન બ્રાહ્મણોને સાથે લઈને મુનિને મળવા અથવા સન્માનવા એ જ વખતે ચાલી નીકળ્યા. વિશ્વામિત્ર મુનિ પાસે પહોંચીને એમણે એમના ચરણોમાં પ્રણિપાત કર્યા.

મુનિએ એમને ભાવથી ભેટીને આશીર્વાદ આપ્યા.

બ્રાહ્મણોએ એમનું વિધિપૂર્વક પૂજન કર્યું. અને સ્વસ્તિવચનો ઉચ્ચાર્યાં એટલે જનકે પોતાના અંતરના આદરભાવથી અભિવ્યક્ત કરતાં કહ્યું:



'આપના દર્શનથી મને અપાર આનંદ થઈ રહ્યો છે. સીતાની પ્રાપ્તિથી મને જેટલો આનંદ થયેલો એથી યે અધિક આનંદનો અનુભવ આજે કરી રહ્યો છું. આપના જેવા મહાન કે લોકોત્તર મુનિવરના દર્શનના સૌભાગ્ય કરતા વિશેષ સુખકારક સૌભાગ્ય બીજું કયું હોય ?'

જનક મહાપ્રતાપી તથા પરાક્રમી હતા છતાં એમની આંખમાં એટલું કહેતામાં તો આંસુ આવી ગયાં.

લાગણીની અસર એવી અનોખી અને અદ્ભુત હોય છે એ માણસને કુલિશ કરતા કઠોર પણ કરે છે, તથા કુસુમ કરતાં કોમળ પણ બનાવી દે છે.

એ ગદ્‌ગદ બનીને આગળ બોલ્યા:

આપની પવિત્ર પદરજથી મિથિલાની ધરતી પાવન થઈ કૃતાર્થ બની ગઈ. મારું તો સમસ્ત જીવન જ ધન્ય બની ગયું. મારા અંતરના ઉમળકાને હું કેમે કરી નથી કહી શકું તેમ.'

'એને કહી બતાવવાની આવશ્યકતા નથી. જનક! એ તો તમારું મુખ મંડળ અને તમારાં લોચન જ કહી બતાવે છે. વાણીમાં એટલી બધી સરસ અને સચોટ રીતે કહેવાની શક્તિ નહિ હોય. મને પણ તમારા જેવા વિવેકી ને જ્ઞાની મહારાજાને મળીને આનંદ થયો. કહો, મિથિલાની પ્રજા સર્વ પ્રકારે સુખી તો છે ને ?

'સર્વ પ્રકારે સુખી છે,' મુનિના મુખમંડળને એકીટસે જોઈ રહેલા સામે બેઠેલા રાજા જનકે કહ્યું 'લોકો પોતપોતાના વ્યવસાયમાં રત છે. રાજ્યમાં ચોરનો ત્રાસ નથી, ડાકુ નથી,

વ્યભિચારીઓનું જોર નથી, પ્રમાદી અને અધર્મી લોકોની સંખ્યા પણ મોટી નથી, અને એથી કુદરતની પણ કૃપા છે. સર્વે પોતપોતાના સ્વધર્મનું પાલન કરવાની સાથે સાથે બીજાને ઉપયોગી થવાનું ધ્યાન રાખે છે. પ્રજાને સુખશાંતિ પહોંચાડવા માટે મારાથી બનતું બધું જ કરી રહ્યો છું. ધરતી પણ કામધેનુની પેઠે રસકસવતી તેમ જ ફલફૂલ અને અન્નવાળી બનીને પોષી રહી છે.

'ન્યાય તથા ધર્મને માર્ગે ચાલનારને કુદરત પણ અનુકૂળ થાય છે એ સાચું છે. તમારા શબ્દો પરથી એ સારી પેઠે સમજી શકાય છે પરંતુ કોઈવાર કોઈ અપરાધ કરે તો દંડ દેવા તૈયાર તો રહો છો ને?'

'હા. તૈયાર રહું છું, અને બને તો એને ફરી અપરાધ ન કરવા માટે પ્રેરિત કરું છું.'

'વિદ્વાનો ને જ્ઞાનીઓની યોગ્ય કદર તો કરો છોને? એમને આજીવિકાની ચિંતા તો નથી થતી?'

'ના વિદ્વાનો ને જ્ઞાનીઓ એ ચિંતાથી સર્વથા મુક્ત છે. એ કેવળ જ્ઞાનનું ઉપાર્જન અને વિતરણ જ કર્યા કરે છે.'

'લક્ષ્મીનો સદુપયોગ થવાને બદલે એનો એક ઠેકાણે નિરર્થક સંગ્રહ તો નથી થતો ને?'

'ના લક્ષ્મીનંદનો લક્ષ્મીનો લોકહિતાર્થે સદુપયોગ કરતા રહે છે પ્રજા તરફથી મને મળેલી લક્ષ્મી પણ વધારે વિશાળ રૂપ ધારણ કરીને પ્રજા પાસે જ પહોંચી જાય છે.'

'અને રાજકારભાર?'



'રાજકારભાર લોકોના ભિન્ન ભિન્ન વર્ગોનો અભિપ્રાય લક્ષમાં લઈ ને લોકનિયુક્ત સભા તેમ જ સલાહકારોની મદદથી સારી રીતે ચલાવવામાં આવે છે. પ્રજા એથી સંતુષ્ટ છે એટલું જ નહિ પરંતુ પ્રસન્ન છે.'

એટલામાં તો બહાર ગયેલા રામ ને લક્ષ્મણ આવી પહોંચ્યા.

આવતાંવેંત એ મુનિ વિશ્વામિત્રને પગે લાગ્યા. રાજા જનકને પ્રણામ કરીને ઊભા રહ્યા.

એમના વિનય અને અસાધારણ લાવણ્યને જનક તથા એમની સાથેના બીજા બધાં આભા બનીને જોઈ રહ્યા.

જનકની આંખ એમની સુંદરતા અને સુમધુરતાનું પાન કરતાં તૃપ્તિ ના પામી.

એમની જિજ્ઞાસાના જવાબમાં મુનિ વિશ્વામિત્રે કહ્યું :

'આ અયોધ્યાના રાજા દશરથના પુત્રો રામ અને લક્ષ્મણ છે. યજ્ઞની રક્ષા કરવાના ઉદ્દેશથી હું એમને રાજા દશરથ પાસેથી લઈ આવેલો. એમણે પોતાના અદ્ભુત પરાક્રમથી યજ્ઞની રક્ષા કરી સ્વયંવરના સમાચાર સાંભળીને હું, એમને એનો અનુભવ કરાવવા લઈ આવ્યો છું.'

'એમને જોઈને મને કોણ જાણે કેમ પણ અસીમ આનંદ થઈ રહ્યો છે. એમને જોઉં છું તો આજે અને અત્યારે જ. પરંતુ એ મારા ચિરપરિચિત હોય અથવા એમનો સંબંધ ઘણો જૂનો હોય એવું લાગ્યા કરે છે. કોણ જાણે કેમ, પણ મારું અંતર એમ જ કહ્યા કરે છે.'

મુનિ વિશ્વામિત્રે સ્મિત કરતાં કહેવા માંડ્યું :

‘ એમની સાથેના કોઈક અદૃષ્ટ સ્નેહસંસ્કારો તમને આકર્ષણ કરી રહ્યા હશે, સંસારમાં જીવ એવા જ સંસ્કારોથી પ્રેરાઈ ને ઊંડા આકર્ષણનો અનુભવ કર્યાં કરે છે. એ વાત તમારા જેવા જ્ઞાની પુરુષને કહી બતાવવાની ના હોય. પરંતુ હવે તો અમે અતિથિ થઈ ને લાંબા વખત લગી રહેવા જ આવ્યા છીએ એટલે એકમેકને જોવાનો અવસર અનેકવાર મળી રહેશે. ’

જનક થોડીવાર સુધી શાંત રહીને પછી બોલ્યા: ‘ એ તો બરાબર છે, મારે માટે એ અત્યંત આનંદની વાત થઈ પડશે. પરંતુ આપને હું અહીં નહીં રહેવા દઉં આપને રહેવા માટે મેં અલગ સ્થાનનો પ્રબંધ કર્યો છે. ત્યાં બધી જાતની વ્યવસ્થા છે. માટે રામ અને લક્ષ્મણ સાથે આપ ત્યાં જ પધારો. ’

જનકના આગ્રહને માન આપીને મુનિ વિશ્વામિત્ર પોતાનું નિવાસ સ્થાન બદલવા તૈયાર થયા.

જનક એમનો ઉચિત પ્રબંધ કરીને વિદાય થયા, તે પછી વિશ્વામિત્રે રામ અને લક્ષ્મણ સાથે ભોજન કરીને આરામ કરવા માંડ્યો.

જનક પોતાના રાજપ્રાસાદમાં તો આવ્યા, પરંતુ એમની આંખ આગળ રામ ને લક્ષ્મણની મધુમય મૂર્તિ તરવા માંડી. એમને કેવળ એમના જ વિચારો આવવા લાગ્યા.

( ક્રમશ : )



# ગુજરાતના સંસ્કાર સ્વામીશ્રી સહજાનંદજી

શ્રી ગોરધનદાસ સોરઠિયા

શ્રી સ્વામીનારાયણ સંપ્રદાય મુખ્યત્વે ગુજરાતમાં વ્યાપક રીતે ફેલાયેલો છે. મહારાષ્ટ્રના ખાનદેશ વિસ્તારમાં કેટલોક પ્રચાર છે. રાજસ્થાન અને ઉત્તરપ્રદેશમાં પણ કયાંક કયાંક છે. એ સિવાય, જ્યાં જ્યાં સ્વામીનારાયણ સંપ્રદાય જોવા મળે છે તે ગુજરાતીઓની સાથે સાથે ગયેલો અને સ્થિર થયેલો છે. આ રીતે આ સંપ્રદાય હિન્દુસ્તાનના નાનાં મોટાં શહેરોમાં જ નહિ પરંતુ દૂરના આફ્રિકાના કેટલાક દેશો અને ઈંગ્લાંડ તથા અમેરિકા સુધી પણ પહોંચ્યો છે. અને ત્યાં પણ આ સંપ્રદાયના શિખરબંધ મંદિરો બંધાયાં છે.

સંપ્રદાયમાં ઇષ્ટદેવ તરીકે શ્રીકૃષ્ણને વર્ણવ્યા છે. પરમાત્માનાં બધાં સ્વરૂપો સંપ્રદાયને માન્ય છે. અમદાવાદ મંદિરમાં નર–નારાયણ, વડતાલમાં લક્ષ્મીનારાયણ, ગઢડામાં ગોપીનાથ, ભૂજમાં નરનારાયણ, ધોલેરામાં મદન મોહનજી અને જુનાગઢમાં રાધારમણ સ્વરૂપ પધરાવ્યાં છે.

પરંતુ ઉપાસનાની દૃષ્ટિએ સ્વામીનારાયણ સંપ્રદાયના પ્રવર્તક શ્રી સહજાનંદ સ્વામી પરબ્રહ્મ, પ્રગટ પુરુષોત્તમ છે. એવો દૃઢ નિર્ણય સંપ્રદાયમાં પ્રવર્તે છે. અન્ય દેવોનાં સ્વરૂપો પણ શ્રી સ્વામીનારાયણ અર્થાત્ સહજાનંદ સ્વામી બન્ને ભગવાનનાં જ સ્વરૂપો છે એમ શ્રદ્ધા પૂર્વક માનવામાં આવે છે. સંપ્રદાયના કેન્દ્રમાં સ્વામીનારાયણ ભગવાન જ છે. એમાં આવી નિષ્ઠા બંધાવા પાછળ મજબૂત ભૂમિકા છે, સહજાનંદ

સ્વામીનું અત્યંત મોહક અને પ્રભાવશાળી વ્યક્તિત્વ.

ચોરોની દુનિયામાં તો જોગન વડતાલાનું નામ ખૂબ જાણીતું છે. ગાયકવાડ સરકારની તિજોરી લૂંટી તેણે કાશ્મીરથી કન્યાકુમારી અને કચ્છથી કાશી સુધી, જોબનનું તીર ચલાવેલું. એવા હિંસક સ્વભાવના કેટલાયે ડાકુ બહારવટીયાઓ શ્રી સહજાનંદ સ્વામીના આશ્રિત સત્સંગી બની ગયાના દાખલાઓ મોજુદ છે. ચોરી એટલે આવી મોટી ચોરી જ નહિ; પણ કોઈના બગીચાનું ફૂલ પણ, ભગવાનને ધરવા માટે પણ, ધણીની રજા વિના લેવું નહિ, એવી સ્પષ્ટ વ્યાખ્યા આપી આચરણનું નવું પ્રમાણ આપ્યું. આજના જમાનામાં મકાન ભાડૂત માલિકી હક્ક ધરાવે છે, ત્યારે તે સમયમાં, કોઇની ખુલ્લી જમીનમાં પણ, તેના માલિકની રજા વિના પ્રવેશવું નહિ, તેવો ઉપદેશ આપીને સહજાનંદ સ્વામીએ ખરેખર જાદુઇ ચમત્કાર કર્યો છે; એમ વિના સંકોચે કહી શકાય. સહેજ પણ અધર્મ એમની આજુબાજુ રહી શકતો નહિ, એવું એમનું પ્રભાવશાળી વ્યક્તિત્વ હતું. આ બધું સહજાનંદ સ્વામી પ્રત્યેની શ્રદ્ધાથી જ થતું હતું. સત્સંગમાં સતત કથાવાર્તા થતી, ધર્મધ્યાન થતાં, પણ એનો અર્થ એ નહિ કે એ બધા ભક્તોનાં જીવન બહુ ભારવાળાં અને નીરસ હતાં. એમણે એકે એક પર્વને જુદી રીતે ઉજવવાનું નક્કી કર્યું. એમાં હુતાશની પર્વ અને વસંતોત્સવ પણ આવે. ભકતો ભીમ અગીયારસ ઉજવે તો રામનવમી અને જન્માષ્ટમી પણ ઉજવે. વળી જલઝિલણી અગિયારસે ય ઉજવે. પ્રસંગ પ્રસંગના ભાવોથી ગીતો કવિઓ રચે અને હરિભકતોનાં હૈયાં ઉલ્લાસથી ઉભરાઈ જાય. શ્રી સહજાનંદ સ્વામીએ માનવ જીવનને બધી રીતે સંસ્કારી બનાવીને જીવનમાં પણ મુક્તની સ્થિતિ રહે અને મૃત્યુ પછી પણ મોક્ષને ઉજવે એવા



પ્રયાસો એમના ટૂંકા આયુષ્ય કાળમાં આશ્ચર્યકારક કાર્યો કર્યાં છે.

શ્રી સહજાનંદ સ્વામીએ માનવ માત્ર માટે કલ્યાણનો ધોરી માર્ગનો જાણે નકશો દોરી દીધો. એક નાની એવી શિક્ષાપત્રી લખીને એમાં મુખ્ય મુખ્ય સિદ્ધાંતો અને સૌએ પાળવા જેવા સદાચારોના નિયમો સૂચવી દીધા. એમાં રોજેરોજની આવકના પ્રમાણમાં જ ખર્ચ કરવાની સૂચના આવે. અને કોઈની સાથે લેવડ દેવડ સાક્ષી રાખીને જ કરવી એ વાત પણ આવે. આ બધી વ્યવહારની વાતો પણ ધર્મમાં વણી લીધી.

આવા આવા વ્યવહારોપયોગી ઉપદેશો આજ્ઞારૂપે એમાં મૂકયા છે. એને લીધે ખેડૂતો અને મજૂરો જેવા કેટલાકને તો દાતણ કરવા સામે પણ દેવની આડી હોય અને પાયખાને જઈને સીમમાં પાણી લેવાની ટેવ પણ ન હોય એવા લોકોને વહેલા ઊઠી નાહી, ધોઈને પૂજા કરીને જ ભગવાનને નૈવેદ્ય કર્યા પછી જ જમાય એવી ટેવ પાડી. પાણી તો ગળે જ પણ તેલ, ઘી, દૂધ પણ ગાળીને જ વાપરે. ગોળામાંથી ઉલેચિયા દ્વારા જ પાણી લેવાય. એઠું વાસણ ગોળામાં ન બોળાય એવી સ્વચ્છતાની ટેવ, સત્સંગી સિવાય બ્રાહ્મણોને ઘેર પણ ઓછી જોવા મળે. આવી આચાર અને વ્યવહાર શુદ્ધિને કારણે સત્સંગીઓની બુદ્ધિ નિર્મળ અને તેજસ્વી બની, એથી એમના વ્યવસાયોમાં પ્રામાણિકતાને લીધે બરકત આવી.

શ્રી સ્વામીનારાયણ સંપ્રદાયના એક સ્થાપકતરીકે મહાગુજરાતના સંસ્કાર સ્વામી અને મુન્શીજી જેને ગુજરાતના મહાન જયોતિર્ધર કહે છે, તે શ્રી સહજાનંદ સ્વામીની દ્વિશતાબ્દી દેશભરમાં ઉજવાય છે. તેને શ્રદ્ધાંજલિ અર્પીએ.

## અહંકાર

છું હું જગસ્તરે ઈશ એક સાચો,
હું ઈશથી જગતમાં જરીયે ન કાચો,
આ વિશ્વનું સકળ સર્જન કાર્ય મારું;
મારા થકી જન ત્રણે જગ પ્યારું પ્યારું.
મારું અને તુજ કહી જન સર્વ તાણે,
છું હું સમર્થ મુજને સહુ કો વખાણે,
હું એકલો સુખી બનું જન સર્વ માને,
રે' મસ્ત સૌ જગતમાં નિજ સ્વાર્થ ગાને.
નાચે બધા જગતમાં મુજ એક તાને,
પ્રેરી રહું અવનવી ક્રૂર વાંચ્છનાને,
પહેલો પુરુષ જગમાં છઉં સર્વનામ,
હું કેન્દ્રમાં વસું જગે જગ મારું ધામ;
જ્યાં જન્મ થાય જનનો, પળ એક માંહે,
માતાપિતા સહુ સગાં ઊગી જાય ત્યારે,
સર્વે જનો હસી રહે દિલ હર્ષ ભારી,
એ બાળકે વસી રહું "હું" જ રૂપ ધારી.
"હું" હોઉં તો બની રહે જગ સર્વકામ,
ચક્રે જડેલ મુજ ના જનને વિરામ,
સંસારીના ઉર મહીં રસ "હું" ભરું છું,
લીલા બધે જગતમાં કરીને ફરું છું.
એ કોક વીર મુજ પાશ મહીં ન આવે,
તે નાવ શાંતિ ધરી સાચી જગે ચલાવે,
તેને ચલિત કરવા મુજ યત્ન થાય,
કૃપા થકી પ્રભુતણી બચી એ જ જાય.

પ્રપન્નલાલ કાજી



## જ્ઞાનયાત્રા

વસંતતિલકા

રે! આ વિષાદ વમળો થકી અંતરે જે–
આંધી પ્રચંડ ઉમટે દીપમાળ કંપે;
સંકોરવી સ્થિતમને અવ જ્ઞાન જ્યોત;
શ્રદ્ધા તણા ઘૃત થકી ભરીને પ્રપૂર્ણ,
સ્પર્શી શકે ન અવ કદિ ઝંઝાનિલોય.

ને ત્યાં સ્ફુરંત ધ્વનિ મંગળ કામનાના,
રેલાવતા સ્વર અહો! ઋજુ ધન્યતા શી,
સંકેલીયે ફલકથી સ્મૃતિ રમ્ય ચિત્ર,
સંકેલીયે જીવનની સઘળી તિતિક્ષા.

અંતસ્તલે ઘનતિમિર મન્વંતરોનાં–
–ને ક્રોધ મોહ-મમતા નિજનાં વિદારી,
જે, ચેતનામય મળી નવ જાગૃતિથી.

"કાષાય વસ્ત્ર કર શોભિત જ્ઞાનદંડ,
પંથે જવું વિધિ દિધ ભમવા ત્રિખંડ."

રજનીકાન્ત મહેતા

## એ તમને ખબર છે ?

( દોહરા છંદ )

કાશી કાયા છે ભલા, મન મથુરા પણ તેમ,
દિલ મહીં દ્વારકા, દેવળમાં પ્રભુ જેમ.
ગંગા જમના નીરમાં, સરસ્વતીનો સાથ,
સંગમ ત્રિવેણી બને, અંતર ભાસે નાથ.
પ્રવાસ છો કરતા રહો, પુણ્યધામના રોજ,
અંતર ઊંડા ઉતરી, કરો આત્મની ખોજ.
પવિત્ર પરમાણુ થકી, પ્રાણવાન આ દેહ,
દિલમાં દેવાલય વસે, વાદળમાં જયમ મેહ.
અંતરના દર્શન થકી, શાંતિ લાધે સાચ,
ખબર નથી શું વાતની ? કરી જુઓ ત્યાં જાચ.
હરતા ફરતા સહુ જનો, ધ્યાન ધરો આ વાત,
શ્રી યોગેશ્વરજી કહે, અનુભવની આ વાત.

પ્રીતમલાલ ચ. આશરા.

### ધૂન

ૐ નમો ગુરુદેવ યોગેશ્વરાય,
યોગેશ્વરાય જો ભાવે ભજાય,
તન ને મનનું ઐક્ય સધાય. ૐ નમો.
પામી પ્રભુ જેણે સંતોષ કીધો,
સૃષ્ટિ સારીને સંદેશ દીધો. ૐ નમો.
ધ્યાનમાં મનનો લય થઈ જાય,
ભાવસમાધિનાં દ્વાર ખોલાય. ૐ નમો.
જાપ ને તપથી શાંતિ સધાય,
ધ્યાનમાં દર્શન સ્વાત્માનું થાય. ૐ નમો.

રાજેષ કાપડિયા



## અમૃતમય સ્પર્શ

ભૂપેન્દ્રભાઈ ત્રિવેદી.

હજારો વરસથી સૂર્યને આપણે નિહાળીએ છીએ, પણ સૂર્યના કિરણોના સ્પર્શનો રોમાંચકારી અનુભવ જેટલો વૃક્ષ અનુભવે છે એટલો માનવી નથી અનુભવી શકતો. પરોઢમાં ફૂટતા એના લાલટશર કિરણોના સ્પર્શ માત્રથી વૃક્ષોની અંદર 'કશુંક' નાવિન્ય પ્રગટવા મંડે છે. એના પ્રત્યેક કોષ ને રેષાઓમાં કશીક એવી હલચલ થવા માંડે છે જેનાથી એનામાં નવી કૂંપળો ને કળીઓ જન્મ ધારણ કરતી રહે છે. કિરણોના સ્પર્શ માત્રથી એનામાં રૂપાંતરની ચમત્કૃતિ ભરેલી સૂક્ષ્મ રાસાયણિક પ્રક્રિયાઓનો આરંભ થવા માંડે છે. રૂપાંતરની આ આખીય પ્રક્રિયા અદ્‌ભુત ને રોમાંચ પ્રેરે તેવી હોય છે. દરરોજ નવું ફૂલ આપવું એ વૃક્ષોનો આનંદ છે. દરરોજ રૂપાંતરના સૂક્ષ્મ આવર્ત્તનોની પ્યાસ ઊભી કરવી એ જ એની અભીપ્સા છે. અને આ અભીપ્સા એને ફળોથી સભર બનાવી મૂકે છે. માનવીમાં આવી જ કોઈ અભીપ્સા હોત તો એ કેટકેટલો સભર લાગત! એની જીવવાની ગતિ જ કોઈ આશ્ચર્યકારક બનત!

સૂર્યપ્રકાશના સ્પર્શ માત્રથી આપણે જીવનનો ધબકાર લઈ રહ્યા છીએ એવું ચોવીસ કલાકની આપણી દોડધામ ને ધમાલમાં કેટલાં ને યાદ રહેતું હશે ? ઘણાં કહેશે કે એમાં વળી યાદ આપવાનું શું છે ? યાદ પણ નહિ, અહીં તો માનવી તરીકેનો આપણો ગુણધર્મ એ છે કે સૂર્યને આપણે આત્મ-સાત કરીએ. પ્રકૃતિના આ જીવતા જાગતાં દેવની ઉપાસના

ને એમનાં કિરણોના સ્પર્શની અનુભૂતિ જ વેદના સૂત્ર પ્રમાણે માણસ પોતે જ નવો જન્મ ધારણ કરતો રહે છે. અને સૂર્ય જેવું એક ઝળકતું બિંબ એના અંતરમાં ઉદય પામવા માંડે છે.

પ્રકૃતિ અને જીવનના સૂક્ષ્મ વહેણોને સમજનાર પાસે પ્રત્યેક સ્પર્શ કોઈ અદ્‌ભુત પ્રદેશ તરફ દિશા સૂચન કરતું રહે છે. સ્પર્શના સૂક્ષ્મ સંવેદનો સંવેદનશીલ માણસના ચિત્ત-તંત્ર પર અનેક ગણી અસર કરી જતું હોય છે. આ સ્પંદનો કેટલી માત્રામાં, કઇ રીતે ને કોની પાસેથી ઝીલવાં એ વિશે કોઇ વિચાર કરે તો પોતાની આંતર ભોમકાના પ્રદેશ પર અદ્‌ભુત ઉપવનોના બીજ પાંગરવા માંડે.

સ્પર્શને પણ એક ભાષા છે. આ ભાષાને સમજી લઇએ તો સ્પંદનો ઝીલવામાં ને એની યોગ્ય અસર જન્માવવા એટલી જ સરળતા રહે. આપણા લાગણીતંત્ર પર સૌથી વધુ અસર ઉપજાવનાર માધ્યમ હોય તો તે છે સ્પર્શનું માધ્યમ છે ઉકાળેલા તેલમાં આપણે હાથ નાખવાની હિંમત નહી કરીએ. બરફને ઝાઝીવાર હાથમાં નહિ રાખીએ. ધૂળને મૂઠ્ઠીમાં પકડી રાખવી ગમશે નહિ આપણે ત્યાં છૂતાછૂતની વાતો પણ ખૂબ થઇ તો મહાદેવજી કે પાષાણના પોઠિયાને સ્પર્શ કરવાનું માહાત્મ્ય પણ છે. કોઇ સંતની સાદડી પર બેસવાનું મળે તો ભયોભયો થઈ ગયાનો આનંદ થાય છે. એવી જ રીતે મૂર્તિના ચરણસ્પર્શ માટે પણ મંદિરોમાં ધક્કામુક્કી થતી જોઈએ છીએ. પણ આ જ વાત દરેકને એક સરખી લાગુ પડતી હોતી નથી. જેવો સ્પર્શ એવી લાગણી નહિ પણ જેટલી સામી વ્યક્તિના આત્મ તત્ત્વને ઝીલવાની આપણી શક્તિ, એની સાથે આત્મસાત કરવાની આપણી તીવ્ર સંવેદના દિવ્યતાના સૂક્ષ્મ મોજાંઓને ઝીલવાની અત્યંત સૂક્ષ્મ ગ્રાહક શક્તિ હોય તો સ્પર્શનો ચમત્કારી અનુભવ આપણને થયા



વગર રહે નહિ.

આપણી લાગણી સ્પર્શનું બેરોમીટર છે. આમ જોઇએ તો પ્રત્યેક માણસ પાસે સ્પર્શના જુદા-જુદા અનુભવો હોય છે. પદાર્થના સ્પર્શનો અનુભવ દરેક માણસને એક સરખો થાય પણ ચેતનાના પ્રદેશની વાત જરા ઊલટી છે. ગરમ પદાર્થનો સ્પર્શનો અનુભવ દરેકને એક સરખો થાય પણ એક જ સ્ત્રીને જુદીજુદી વ્યક્તિઓ સ્પર્શ કરે તો દરેકને જુદો જ અનુભવ ને લાગણી થવાની. એક વ્યક્તિ પોતાની માતાને સ્પર્શ કરે ને બીજી વ્યક્તિ એ સ્ત્રીને સ્પર્શ કરે તો સ્પર્શાનુભૂતિ તદ્દન વિભિન્ન થાય. એક વ્યક્તિ માતાને સ્પર્શ કરે, બહેનને સ્પર્શ કરે, પુત્રીને સ્પર્શ કરે, ને એની પત્નીને સ્પર્શ કરે, તો આ દરેકના સ્પર્શનો અનુભવ જુદો રહેવાનો. આ દરેક સ્પર્શમાં લાગણીનો જે અનુભવ થાય એ વ્યક્તિના સંબંધાનુસાર થાય છે. વ્યક્તિ સાથેનો જેટલો સંબંધ, જેવો સંબંધ અને એની સાથેની જેટલી તાદાત્મ્યતા એટલી માત્રામાં સ્પર્શની અનુભૂતિ.

જડ પદાર્થમાં ચૈતન્યનો ધબકાર જોવાનો જેનામાં તલસાટ ને એકાગ્રતા છે એ શું ન કરી શકે ? ચમત્કાર કંઈ જ નથી પણ કઠિન સાધનાની પરિણતી છે. અને આવા સાધક પાસે ચમત્કાર એક સાહકજિતા બનીને ઊભી રહે છે. એક અતૃપ્ત ને અધૂરો, ક્ષુદ્ર વાસનાઓને સપાટી પરનું જીવન જીવનારાને માટે આ જગતની પ્રત્યેક ઘટના ચમત્કાર લાગવાની. પણ નવાઈની વાત એ છે કે એની પાછળના રહસ્યના પડદા ઉલેચવાની કોઈને ચિંતા હોતી નથી. રહસ્યને ભેદવાની મથામણમાં જે પડે છે એને માટે કશું અશક્ય કે ચમત્કારિક નથી, જીભને સાકરના સ્પર્શથી જે આનંદ થાય છે અને મરચાનાં સ્પર્શથી જે તીખાશ અનુભવાય છે એ

પ્રકૃતિનું અજબ રહસ્ય નથી ? શરીરનો પ્રત્યેક કોષ ચમત્કારથી ભરપૂર હોય છે.

રશિયામાં વેરીલોવ નામની એક આઠ વર્ષની બાળકી. એ છોકરી પાસે સ્પર્શની અદ્દભુત શકિત હતી. આ શકિત એના પૂર્વજન્મના સંસ્કાર ને તપોબળને આધારે મળેલી. આપણે જે દૈવી ને ચમત્કાર ભરેલી વાતો સાંભળીએ છીએ એમાંનું કશું જ આપોઆપ બનતું હોતું નથી. પ્રત્યેક સંસ્કાર અને શકિત પાછળ ભૂતકાળની તપશ્ચર્યા તો પડેલી જ હોય છે. અજ્ઞાતપણે માનવીઓમાં ઘણી બધી શકિતઓ જન્મ લેતી હોય છે, કેળવાતી હોય છે. પણ ઘણીવાર આપણી આંતરચેતનાને એ તરફ આપણે વાળતા જ હોતા નથી. માત્ર સ્થૂળ ને ક્ષણિક પ્રલોભનો પાછળ આપણે દર મિનિટે આવી અદ્દભુત શકિતઓના આવિષ્કારને ખાળતા રહેતા હોઈએ છીએ.

આ આઠ જ વર્ષની વેરીલોવ જે કોઈ વસ્તુને સ્પર્શ કરતી એનું એને જ્ઞાન થઈ જતું. પદાર્થના મૂળતત્ત્વનું જ્ઞાન માત્ર પદાર્થના સ્પર્શ માત્રથી મેળવી લેવું એ કોઈ સામાન્ય શકિતની વાત નથી. જે જમીન પર એ ચાલે એ જમીનમાં કેટલા ને કયાં ખનિજ તત્ત્વો પડયાં છે એનું જ્ઞાન એને થતું. વૃક્ષને અડે તો વૃક્ષનું વિશ્લેષણ કરવા મંડી પડતી. સરકારી તિજોરીઓમાં કેટલું નાણું છે ને દસ્તાવેજો છે તે એ તિજોરીના સ્પર્શ માત્રથી કહી દેતી. સ્પર્શ દ્વારા ઈન્દ્રિયાતીત જ્ઞાન આ છોકરીએ મેળવેલું.

સ્વામી વિવેકાનંદને શ્રી રામકૃષ્ણ પરમહંસના એક માત્ર પગના અંગૂઠાના સ્પર્શથી સમાધિ લાગી ગયેલી. અને ઈશ્વરના અસ્તિત્વ અને તેની ખાત્રી માટે તે અનેક મહાત્માઓ પાસે જઈ આવ્યો. એની સાબિતી માંગતા આખરે બધે નિરાશ થઈ એ રામકૃષ્ણ દેવ પાસે જાય છે અને રામકૃષ્ણ દેવે માત્ર સ્પર્શ દ્વારા એને ઈશ્વરની અનુભૂતિ કરાવી આપી. નાનપણમાં આ બધી વાત મને પણ સમજાઈ નહોતી કે માત્ર અંગૂઠાના સ્પર્શથી સમાધિ કઈ રીતે લાગી શકે ? માનો કે શ્રી રામકૃષ્ણ દેવમાં એવી દૈવી શક્તિ હતી તો પછી નરેન્દ્રનું શું ? આ નરેન્દ્રને જ કેમ સમાધિ લાગી ? બીજા અનેક માણસોએ રામકૃષ્ણદેવને સ્પર્શ કર્યો હશે, પણ એ લોકોને આ પ્રકારની સ્પર્શાનુભૂતિ કેમ ન થઈ ?



સાચા ગુરુ અને શિષ્ય બંનેનું મળવું એ પણ દૈવી શક્તિનું જ એક કાર્ય હોય છે. બે આધ્યાત્મિક આત્માઓ દિવ્યતાને ઉતારવા સાથો સાથ કાર્ય કરે એ પરાશકિતની ઇચ્છા છે. એ રીતે જોઈએ તો સાચા ગુરુ અને શિષ્યનું મળવું એ એક ઘણી મોટી ને આશ્ચર્ય પ્રેરક ઘટના જ છે. આ ઘટના સાંસારિક જગતને માટે ભલે આકસ્મિક લાગતી હોય પણ આ વિરલ આત્માઓનું મળવું બંનેનું એકબીજા પ્રત્યેનું અભૂતપૂર્વનું આકર્ષણ અનેક જન્મોની લાંબી યાત્રા પછી સંભવિત થયેલું હોય છે. ગુરુના દિવ્યસ્પર્શનો અનુભવ તો એને જ મળી શકે જે જન્મ જન્માંતરો સુધી એને ફરીફરીને મળવાની અભીપ્સા સેવી હોય. યોગની ભૂમિકાએ પહોંચ્યા પછી માત્ર ચહેરા પર હાથના સ્પર્શ માત્રથી એ વ્યકિતના પાછલા જન્મોની અનેક કડીબદ્ધ વિગતો જાણી શકાતી હોય છે.

આ જન્મમાં આવતી પ્રત્યેક પળ પાછળ ગતજન્મની ઇચ્છાઓ જ કાર્ય કરી રહી હોય છે. આપણા જીવનની આ પ્રત્યેક ઘટનાઓ પાછળ સર્જકનો ચોક્કસ હેતુ પણ હોય છે. જીવનની કોઈપણ પળ નિરર્થક હોતી નથી. આ સાંપડેલી પળ પાછળ સેંકડો વરસની તપશ્ચર્યા પણ હોય છે. તો એક વીતી ગયેલી પળ ભાવિજન્મ માટેનો અદ્દભુત આરંભ પણ હોય છે.

( ક્રમશઃ )

# આસનો

મણિભાઈ શાહ

## તડાગી મુદ્રા




તડાગ એટલે તળાવ. આ મુદ્રામાં પેટને અંદર લઈજવાનુ હોઈ અર્થાત્ પેટમાં ખાડો પાડવાનો હોઈ આને તડાગી મુદ્રા કહેવામાં આવે છે.

ઉડ્ડિયાનબંધ શીખતા-પહેલા આનો અભ્યાસ કરવામાં આવે તો ઉડ્ડિયાન સહેલાઈથી શીખી શકાય છે. તડાગી મુદ્રા સ્વતંત્રરીતે કરવાથી પણ લાભ થાય છે. તેમ છતાં તે ઉડ્ડિયાનની પૂર્વ તાલિમ છે. મુદ્રાની રીત :

(૧) ચત્તા સુઈ જાઓ અને ગોઠણમાંથી બંને પગવાળી ઉભા રાખો. બંને પગ વચ્ચે ૧૨" થી ૧૪" ઇંચનું અંતર રાખો. બંને હાથ બંને પડખે લંબાવી દો.

(૨) પછી એકાદ બે વાર શ્વાસ લેવા અને કાઢવા.

(૩) હવે એક ઉંડો શ્વાસ લ્યો અને તે શ્વાસ કાઢતા કાઢતા પેટને અંદર લઈ જાઓ અને છાતીને ફુલાવો. પેટ જેટલું બને તેટલું ઉંડુ લઇ શ્વાસ રોકી થોડીક સેકંડ થોભાવો, જુઓ ચિત્ર નં. ૧.

(૪) પછી શ્વાસ ધીરેધીરે લેતાની સાથે ઉંડે લઇ ગયેલ પેટને સમતળ થવા દેવું અને ફુલાવેલી છાતીને પણ નીચે ઉતરવા દેવી.



આટલુ થાય એટલે તડાગી મુદ્રાની ક્રિયા પૂર્ણ થઈ. આમ પાંચ દશ વાર કરવું.

લાભઃ-પેટની અંદરના અવયયોને સક્રિય અને સક્ષમ કરે છે, ખાસ કરીને ઉદરપટલને સ્થિતિ સ્થાપક અને સક્રિય રાખી પેટના અવયવોને નિરોગી રાખે છે.

## ચક્રાસન




ચક્ર એટલે પૈડું. આ આસનમાં પૈડાની જેમ દેહ ગોળાકાર થતો હોઈ આને ચક્રાસન કહે છે.

આસનની રીતઃ-(૧) જમીનપર ચત્તા સુઈ જાઓ. પગ લંબાલેલા રાખો.

(૨) પછી બંને પગના પંજાની પાનીઓ નિતંબ પાસે લાવીને ગોઠણ ઉભા રાખો અને બંને કાનની પડખે બંને હાથના પગ ખભા તરફ રહે તેવી રીતે ગોઠવો.

(૩) હવે હાથ અને પગના આધાર પર કમરથી શરીર ઉંચકો. જેથી દેહની ગોળાકાર કમાન બની જશે. જુઓ ચિત્ર નં. ૨.

શ્વાસોશ્વાસ સ્વાભાવિક રીતે ચાલવા દો અને ૪૦ થી ૬૦ સેકંડ સુધી આ સ્થિતિ ટકાવવી

ધીરે ધીરે શરીર જમીન ઉપર લાવી પહેલાની જેમ પીઠ ઉપર સુઇ જવું અને સૂચના ૧ પ્રમાણે પગ લંબાવી આસન છોડવું.

આ આસનમાં સમય વધારવા કરતા બે ચાર વાર કરવું.

ફાયદાઃ-પશ્ચિમોત્તાસનમાં પીઠ પાછળના સર્વાંગની માંસ-

પેશીઓ સતાણ અને સક્રિય થાય છે. અને આગળના અંગની શિથિલ થાય છે, ચક્રાસનમાં આગળના સર્વાંગની માંસ પેશીઓ સતાણ અને સક્રિય બને અને પાછળની શિથિલ બને છે. બને આસન એક બીજાના પુરક છે અને દેહની સમગ્ર ( Muscular System ) માંસપેશીઓ માટે આરોગ્યદાયી છે.

## ધ્યાન સાધના શિબિર

મહાત્મા શ્રી યોગેશ્વરજી તેમ જ પૂ. શ્રી સર્વેશ્વરીની પ્રત્યક્ષ દોરવણી ને માર્ગદર્શન નીચે અખિલ ગુજરાતની આઠમી ધ્યાન સાધના શિબિર તા. ૧૫-૫-૮૧ થી તા. ૨૧-૫-૮૧ સુધી, અમદાવાદ લૉ કૉલેજ, લૉ ગાર્ડન પાસે યોજવામાં આવી છે.

આ શિબિરમાં સાત દિવસના રહેવા જમવા વગેરેના ખર્ચના રૂા. ૬૦ લેવાનું ઠરાવ્યું છે. અમદાવાદમાં આ બીજી શિબિર છે.

શિબિરમાં જોડાવા ઇચ્છનારે પોતાનાં નામ શ્રી બાબુભાઈ વોરા, ૩૧, ગવર્નમેન્ટ સરવન્ટસ કો. ઓ. હાઉસીંગ કોલોની, નવરંગપુરા અમદાવાદ-૯ ને લખી જણાવવું ને રૂા. ૬૦ પણ મોકલી આપવા.

શિબિરમાં આવનારે, બીછાનું, પ્યાલો, વાટકી, સાબુ, તેલ, દંતમંજન વગેરે તેમ જ ધાર્મિક સાહિત્ય સાથે લાવવું.



# શ્રીમહાત્માગાંધીજી વિષયક વાર્તાલાપ

સર્વેશ્વરી

પૂજ્ય શ્રી યોગેશ્વરજીનાં પ્રવચનો રાષ્ટ્રીયશાળા રાજકોટમાં ફેબ્રુ. '૮૧ માં થયાં. રાષ્ટ્રીયશાળાના સૂત્રધાર, પવિત્ર, સેવાભાવી સત્પુરૂષ શ્રી પુરુષોત્તમભાઇ ગાંધીને મળવાનું મને સદ્ભાગ્ય મળ્યું. ગાંધી પરિવારના એ પવિત્ર પ્રતિનિધિને મળવાનું અને એમની પાસેથી પૂજ્ય ગાંધીજીની કેટલીક રસમય, પ્રેરણાત્મક, અનુભવપૂર્ણ વાતોને સાંભળવાનું સદ્ભાગ્ય સાંપડ્યું.

એ જ રીતે રાજકોટથી થોડેક દૂર કસ્તૂરબા ધામ નામની સંસ્થાને સંભાળનાર ભાઇ શ્રી કનુભાઈ ગાંધી અને એમના ધર્મપત્ની આભાબેન ગાંધીને પણ મળવાનું બન્યું. ગાંધીજી વિશે વધુ ને વધુ જાણવાની ઇચ્છાને લીધે મારે એ સમય દરમિયાન ત્રણેકવાર શ્રી આભાબેન ગાંધીને મળવાનું બન્યું.

ગાંધી પરિવારના એ સદ્ભાગી સભ્યોની સાથે ઘણી ઘણી પ્રશ્નોત્તરી થઇ, જેને લીધે ગાંધીજીનું એક નવું દર્શન થઇ શક્યું. જેનો સારભાગ આ લેખમાં જોઇ શકાશે.

( શ્રી આભાબેન ગાંધી મૂળ બંગાળનાં. બાર વરસની નાનકડી ઉંમરે તેઓ ગાંધીજી પાસે આવ્યાં, અને ગાંધીજીની અંતિમ ક્ષણ સુધી એમની સેવાનાં સદ્ભાગી બન્યાં. )

પ્રસ્તુત લેખમાં અમારા વાર્તાલાપને રજૂ કરું છું.

પ્રશ્નઃ-તમે ગાંધીજી પાસે રહેવા માટે કેમ આકર્ષાયાં ?

ઉત્તરઃ–મારા પિતાજી જેલર હતા. ગાંધીજીનો આદેશ એમના હૃદયને સ્પર્શી ગયો. તેમણે નોકરી છોડી દીધી. તેમની ગાંધીજી ઉપર અનન્ય શ્રદ્ધાભક્તિ હતી, જેથી મને એક વરસ માટે બાપુ પાસે વર્ધા આશ્રમમાં મુકી. એટલે હું મારી જાતે આવી ન હોતી. પરંતુ મારા પિતાજી પાસે મને ગાંધીજી લાવ્યા હતા.

પ્રશ્નઃ–આટલી નાની ઉંમરે તમે આશ્રમમાં રહેવા આવ્યાં, તો તમને કાંઈ મુશ્કેલી ના પડી ?

ઉત્તરઃ–હું તો એક જ વરસ માટે રહેવા આવી હતી. બંગાળી અને હિન્દી જાણુતી એટલે બાપુ સાથે હિન્દીમાં જ વાતો થતી. ગુજરાતી આવડતું ન હતું. ખોરાક પણ અનુકૂળ ના લાગતો, પણ લગભગ છ મહિનામાં તો હું બધી રીતે પરિચિત થઇ ગઈ, બધાથી ટેવાઇ ગઇ.

મને માતાપિતા કે ઘર પણ યાદ ન આવતું, કારણ કે બાપુનો પ્રેમ એવો અદ્ભુત હતો. આશ્રમમાં પ્રથમવાર રહેવા આવી તે પછી ચાર વરસ પછી મારી માતાની માંદગી પ્રસંગે ફરી વાર બંગાળ ગઇ, પણ ત્યાં ફરી બાપુ પાસે કયારે પહોંચી જાઉં એવું મનમાં થયા કરતું. એમનું આકર્ષણ એવું અજબ હતું.

પ્રશ્નઃ–આશ્રમમાં આખા દિવસ દરમ્યાન તમારી શી પ્રવૃત્તિ રહેતી ?

ઉત્તરઃ–સવારે બાપુ જાગે ત્યારે ઉઠી જવાનું. પ્રાર્થનામાં હાજરી આપવાની, બાપુનું અંગત કામ કરવાનું, આશ્રમની સફાઇ, નિયમિત કાંતણ, જાજરૂ સફાઇ, રસોડામાં મદદ,



આશ્રમમાં રહેતા જુદા જુદા વિદ્વાનો પાસે ભણુવાનું, નોંધપોથી લખવાની, કામ તો એટલું બધું રહેતું કે દિવસ કયાં પસાર થઈ જતો તેની ખબર ના પડતી.

પ્રશ્નઃ-તમારી નોંધપોથીને બાપુ જોતા ? આજે તે નોંધપોથી છે ?

ઉત્તરઃ-દરરોજ બાપુ નોંધપોથીને જોતાં ને નીચે સહી પણ કરી આપતા, પણ તે નોંધપોથી ઉધઇને લીધે નાશ પામી છે.

પ્રશ્નઃ-આશ્રમમાં શાળા જેવું ફરજિયાત શિક્ષણ રહેતું ?

ઉત્તરઃ-શિક્ષણ લેવાનો સમય નક્કી જ રહેતો. ભણનારે પણ તે સમય જાળવવો પડતો. પણ અમને ભણાવનાર શિક્ષકો આશ્રમના જ વિદ્વાનો હતા. એટલે ઘણીવાર ભણવાનો કંટાળો આવે તો અમે બીજી વાતો કરીને પણ સમય પસાર કરતાં. અમારા શિક્ષકોમાં આત્મીયતા હતી, એટલે અમને તેઓ સમજી શકતા.

પ્રશ્નઃ—ભોજનમાં કઈ વાનગીઓ રહેતી ?

ઉત્તરઃ—ખોરાક સાદો જ રહેતો. બાફેલાં શાકભાજી રોટલી ને દાળ. કોઈક વાર થુલીનો ઉપયોગ પણ થતો.

પ્રશ્નઃ—બાપુ પણ આશ્રમના રસોડે જ ખોરાક લેતા ?

ઉત્તરઃ—પહેલાં તો તે રસોડે જ જમતા, પરંતુ પછી પ્રવૃત્તિ વધતી ગઈ તેમ તેમ અમે એમના ઓરડામાં બાપુને ભોજન આપી દેતાં. રસોડે બાપુ જમવા આવતા ત્યારે

સૌથી પ્રથમ બાપુજી તેમની પાસે બા ( કસ્તુરબા ), પછી અમે બધાં બેસતાં.

રસોડામાં લીમડાની ચટણી થતી. બાપુ જ્યાં બેસતા ત્યાં દરેક પોતાની થાળી લઈને જતું. પોતાને હાથે સૌને ચટણી બાપુ પીરસતા ત્યારે અમને ખૂબ આનંદ આવતો.

ભોજનમાં એઠું કયારે પણ ન મુકાય. બાપુ પણ જરૂર જેટલું જ લેતા.

પ્રશ્નઃ—આશ્રમમાં ફૂલઝાડ થતાં જ હશે તો તમે ફૂલો તોડી ના શકતાં ?

ઉત્તરઃ—આશ્રમમાં ફૂલો તોડવાની મનાઈ હતી.

અમારા લગ્નજીવનનો જ પ્રસંગ છે તે કહું.

કસ્તુરબાની સૂચના ને ગાંધીજીની સંમતિથી અમારાં લગ્ન વર્ધા આશ્રમમાં જ ગોઠવાયાં. તે વખતે સરોજિની નાયડુ પણ ત્યાં હતાં. તેમને થયું કે લગ્નપ્રસંગે ફૂલનો ઉપયોગ થાય તો સારું. તે બાપુ પાસે રજા લેવા ગયાં. બાપુએ કહ્યું કે ફૂલો તો તોડાય જ નહીં. હા, પારિજાતનાં ફૂલો જે નીચે ખરી પડયાં છે તેનો ઉપયોગ કરો. બાપુએ એવી સૂચના કરી કે પાછળથી તે સૂચના રદ કરી અને દરેકના લગ્નપ્રસંગે બાપુના પોતાના હાથે તૈયાર થયેલી સૂતરની આંટી હારના સ્થાને વપરાતી. તે રીતે અમારે માટે પણ સૂતરની આંટીના જ હારનો ઉપયોગ થયો. એ આંટી અમે બાપુની પવિત્ર સ્મૃતિ તરીકે સાચવી રાખી છે.

પ્રશ્નઃ—બાપુ રોજ નિયમિત લેખનકાર્ય કરતા ? લેખન-



કાર્ય માટે પેન કે પેન્શિલ વાપરતા ?

ઉત્તર :—નિયમિત લેખન ના કરતા. હરિજન બંધુ માટે ઘણીવાર લખતા. સામાન્ય રીતે નાની નાની નોંધ તૈયાર કરતા.

લખવામાં પેન્સિલ કરતાં પેનનો જ ઉપયોગ ઘણું ખરું કરતા. તેઓ માનતા કે પેન્સિલથી અક્ષર ઝાંખા થાય ને તેથી વાંચનારને મુશ્કેલી પડે તો તે પણ એક પ્રકારની હિંસા. તેઓ પેન્સિલનો ઉપયોગ ઘણોઓછો કરતા.

પ્રશ્ન :— બાપુ પગમાં શું પહેરતા ?

ઉત્તર :— આશ્રમમાં ફરવાનું હોય તો લાકડાની ચાખડી પહેરતા અને બહાર જતી વખતે ચંપલ પહેરતા.

પ્રશ્ન :— બાપુ પોતાની જૂની વસ્તુઓનું શું કરતા ?

ઉત્તર :-- વસ્તું જૂની થાય એટલે અમે જ નવી મુકી દેતાં. પણ અમારે એ વાત બાપુને જણાવવી પડતી. પણ તે પહેલાં તેઓ પોતે તપાસી લેતા કે તે વસ્તુ હજી પણ ઉપયોગમાં લઈ શકાય તેમ છે કે નહીં ?

એમનાં કપડાં ફાટી જતાં તો કસ્તુરબા હતાં ત્યારે તે કપડાં અમને અમારા નાના કપડાં –સીવડાવવા માટે કામ લાગે તે માટે આપી દેતાં.

કોઇક વસ્તુ ખોવાઈ જાય તે બાપુને ગમતું નહીં. એટલી બેદરકારી છે એમ તેઓ માનતા.

એક વખત બાપુની ઘડિયાળની દોરી ખોવાઇ ગઈ, મેં ખૂબ શોધી પણ ના મળી. બાપુને વાત કરી. બાપુ કહે; દોરી

શોધવી જરૂરી જ છે. સૌ શોધવા લાગ્યાં તો દોરી મળી. પછી જ બાપુએ નવી દોરી સ્વીકારી. બહાર આંગણામાં એક ઠીંકરી સાથે તે દોરી બાંધી હતી એટલે જણાયું કે કોઇ બાળક બાપુના પલંગ પરથી અમારી ગેરહાજરીમાં રમવા માટે દોરી લઇ ગયો હશે.

એટલે કે નવી દોરી સ્વીકારતાં પહેલાં જૂની કયાં છે, કેવી છે તેની તેઓ ખૂબ ચીવટ રાખતા. સાથે રહેનારને પણ ખૂબ જાગ્રત રહેવું પડતું.

પ્રશ્નઃ—એકાદ બે ફોટા ઉપરથી લાગે છે કે બાપુને બાળકો ખૂબ ગમતાં ?

ઉત્તરઃ—હા, બાપુના રૂમમાં બાળકો ગમે ત્યારે જઈ શકતાં. બાપુ કોઇ સાથે ગંભીર વાતોમાં હોય, કોઇ મહત્ત્વના લખાણમાં રત હોય કે મહત્ત્વના કામમાં રોકાયા હોય પણ જો ત્યાં બાળક આવી ચઢે તો બાપુ થોડી વાર પણ તેમની સાથે ગમ્મત કરી લઇને હળવા બની જતા.

બાપુ પોતાના પુત્ર દેવીદાસને કહેતા કે તું કયારેક મળવા ના આવે તો ચાલશે પણ ગોપૂને તો દરરોજ મોકલજે. ગોપૂ દેવીદાસનો પુત્ર હતો.

પ્રશ્નઃ—બાપુની વપરાયેલી વસ્તુઓ, પત્રો વગેરે તમારી પાસે છે ?

ઉત્તરઃ—હા, અમારી પાસે બાપુની ઘણી વસ્તુઓ હતી. પણ તે બધી અમે દિલ્હીના પૂ.બાપુના ગાંધી સ્મારકને અર્પણ કરી છે, જેથી જનતાને વધુ લાભ મળે. હવે અમારી પાસે થોડી જ વસ્તુઓ છે. અમે સાથે જ રહેતાં એટલે પત્રો તો ઘણા ઓછા હતા. તે અમે સાચવેલા પણ ઉધઇએ તેનો નાશ કર્યો.

( ક્રમશઃ )



# ભાગવત સુધા

પ્રા. જનાર્દનભાઈ દવે

આદિ નારાયણ પરમાત્માએ સૃષ્ટિરચના માટે તત્પર થયેલો પોતાના પ્રિય પુત્ર બ્રહ્માજીને સંબોધતા કહ્યું "અનુભવ (વિજ્ઞાન) સમન્વિત એવું મારું પરમશ્રેષ્ઠ અને ગુહ્ય એવું જ્ઞાન હું તમને સંભળાવીશ તે તમે ધ્યાન દઈને સાંભળો અને આ જ્ઞાનને હૃદયમાં ધારણ કરીને પછી સૃષ્ટિરચના કરો જેથી તમે બંધાશો નહિ."

નારાયણ ભગવાનની આ વાત આપણે પણ ધ્યાન આપવા જેવી છે. આજે જગતમાં મોટા ભાગના મનુષ્યો અનેક પ્રકારના આવેગોના દબાણથી, અને મનોવૈજ્ઞાનિક પરિભાષામાં કહીએ તો તનાવોથી પીડાય છે અને આપણું જીવન બોજારૂપ બની જાય છે ભગવાન નારાયણે આપેલ ઉપરના ઉપદેશને ધ્યાનમાં રાખીએ તો બધા તનાવો મટી જાય છે, જીવન સહજ, સરલ અને સુખરૂપ જણાય છે.

દુનિયામાં કર્મો વ્યવહારો ઘણા બધા સંકુલ–જટીલ છે. આ બધા જટીલ ક્રિયા કલાપોમાં મન, શરીર, તો સ્વાભાવિક રીતે રોકાયેલાં રહે જ. કારણ દેહ અને અંતઃકરણ માટે કર્મો–ક્રિયાકાંડ સ્વભાવ છે, પરંતુ આપણી મુશ્કેલી એ છે કે આપણે આપણા ચૈતન્યને પણ દેહ અને અંતઃકરણ સાથે કર્મોમાં ઘસડાવા દઈએ છીએ. પરિણામે ચેતન આત્મા શરીર અને અંતઃકરણનો સાથી બનીને કયારેક તો સેવક બનીને શરીર અને અંતઃકરણનાં ધર્મરૂપ પ્રવૃત્તિ માર્ગમાં

જોડાય છે. ભગવાન નારાયણ બતાવે છે કે શરીર અને અંતઃકરણ ભલે પ્રવૃત્તિમગ્ન રહ્યા કરે પણ તમે તો જ્ઞાનમાં સતત સ્થિર રહો. આત્મસ્વરૂપમાં નિત્ય સ્થિર થઈને જ શરીર અને અંતઃકરણને તેની પ્રવૃત્તિ સહજ ભાવે કરવા દો; તમે માત્ર તેના દ્રષ્ટા બનીને રહો. દુર્ભાગ્યે આપણે આપણું દ્રષ્ટાપણું ખોઈ બેઠા છીએ અને કર્મના કર્તાપણું, ભોક્તાપણું આપણે આપણાં ન હોવા છતાં તેને અપનાવી લીધા છે. આ અજ્ઞાનમૂલક વ્યવહાર દૂર કરવા માટે ભગવાને ચતુઃશ્લોકી ભાગવત સંભળાવ્યું. તેના બીજા શ્લોકમાં ભગવાન કહે છેઃ-

**ऋतेऽर्थं यत्प्रतीयेत न प्रतीयेत चात्मनि ।**
**तद् विद्यात् आत्मनो मायां यथा भासो यथा तमः ॥**

સંસ્કૃતના અધ્યાત્મવિજ્ઞાનમાં બે શબ્દો છે ઋત એટલે ત્રણે કાળમાં એક જ સરખું રહેતું નિત્ય એવું સત્ય. અનૃત એટલે મિથ્યા. અનૃત એ ઋત નથી. ઋત એટલે સત્ય ત્રણે કાળમાં એટલે કે સૃષ્ટિ ન હતી ત્યારે, સૃષ્ટિ વર્તમાનમાં છે ત્યારે અને સૃષ્ટિ હવે પછી નહિ હોય ત્યારે એક જ સરખું હોય છે. સૃષ્ટિના હોવા ન હોવા સાથે તેને સંબંધ નથી, સૃષ્ટિ સાપેક્ષ એવું તે સત્ય નથી. બીજી રીતે કહીએ તો કારણ અવસ્થામાં અને કાર્યાવસ્થામાં તે ઋત એક સરખું રહે છે. તે વિકારવાન બનતું નથી. દૂધ એક અલગ પદાર્થ છે પણ તે દહીં બને ત્યારે દૂધ બદલાય છે. દૂધ પોતાનું દૂધપણું ગૂમાવીને દહીં બને છે. અહીં કારણ કાર્ય બન્યું ત્યારે પરિવર્તિત થયું કારણ તેના મૂળરૂપમાં રહ્યું નથી. પરંતુ પરમાત્મા પરબ્રહ્મ જગત નથી અને કારણ રૂપે છે ત્યારે પણ બ્રહ્મરૂપ છે અને જગતનું તે સર્જન કરે છે, પોતે જગતરૂપે પરિણમે છે ત્યારે પણ બ્રહ્મરૂપે જ રહે છે.



આત્મા પણ નિત્ય, જ્ઞાન સ્વરૂપ, આનંદરૂપ છે, તે ઋત છે. આત્મા ત્રણે કાળમાં અજર, અવિનાશી, જ્ઞાન સ્વરૂપ, આનંદરૂપ છે તે વિશુદ્ધ છે. આત્મા શરીર નથી, પ્રાણ નથી, મન નથી, બુદ્ધિરૂપ નથી, અહંકાર નથી. શરીર, પ્રાણ, અને મન, બુદ્ધિ, ચિત્ત, અહંકાર આટલા પદાર્થો અનાત્મા છે. અનાત્મા પદાર્થો ઋત એટલે સત્ય નથી. નિત્ય એક સરખા નથી, તેઓ જડ છે, વિકારવાળાં છે, અજ્ઞાનસહિતનાં છે; તેથી તેઓ અનૃત છે. આ શ્લોકમાં ત્રિકાલાબાધિત ઋતને અર્થ કહેવામાં આવેલ છે.

છતાં દુનિયામાં મનુષ્ય પોતે આત્મા છે નિત્ય અખંડ અવિનાશી ચિદાનંદરૂપ છે તે ભૂલીને હું કાળો છું, હું ગોરો છું, હું રોગમય છું, હું શોકમગ્ન છું, હું ગુજરાતી છું, રશિયન, અમેરીકન, ભારતીય છું, કર્તા ભોક્તા છું એવું બોલે છે, એવું માને પણ છે ભાગવતમાં નારાયણ કહે છે **तद् विद्यात आत्मनो मायाम्** આ જ ખરેખર મારી માયા છે તે કેવી છે? તો કહે છે **यथा भासो यथा तमः** પ્રકાશ હમેશાં પ્રકાશ છે. અંધકાર હમેશાં અંધકાર જ છે. આ પ્રકાશ અંધકાર બન્ને એકમેકથી તદ્દન વિરુદ્ધ છે. આત્મા અને અનાત્મા પણ આવા જ પરસ્પરથી તદ્દન વિરુદ્ધ છે. આચાર્ય શંકર પણ બ્રહ્મસૂત્ર ભાષ્યની ભૂમિકામાં કહે છે **अस्मद्** થી ઓળખાતો આત્મા **युष्मद्** થી ઓળખાતા અનાત્માથી તદ્દન ભિન્ન છે છતાં લોકો અજ્ઞાનવશ આત્મા અને તેના ધર્મોનું અનાત્મા પર અને અનાત્મપદાર્થો અને તેનાં ધર્મોનું આત્મા પર અધ્યારોપણ કરીને વ્યવહારમાં વર્તે છે. નારાયણ કહે છે ઋત અને અનૃતને ઓળખીને ઋતમાં સ્થિર રહે તો વ્યવહાર બાધક નીવડશે નહિ.

ભાગવત કહે છે अर्थं ऋते यत्प्रतीयेत આ પરમસત્ય સિવાય જે કંઈ પ્રતીતિ થાય છે न प्रतीयेत चात्मनि તે અધિષ્ઠાનરૂપ બ્રહ્મમાં ખરેખર નથી પણ માયાને લીધે છે. અધિષ્ઠાન સત્તા જ ત્રણે કાળમાં અથવા કારણ કાર્ય બન્ને અવસ્થાઓમાં નિત્ય છે, અપરિવર્તિત છે. બીજી પ્રતીતિઓ તો માયાને લીધે છે.

ધ્યાન જપની સાધના વિના, આંતરિક શુદ્ધિ આવતી નથી. અને જ્યાં સુધી શુદ્ધિ ન હોય ત્યાં સુધી, આત્મદર્શન શક્ય નથી.

યોગેશ્વર

PHONES : 292326. 295639 RESI: 441332
GRAM : 'NITSARAD' TELEX NO. 011. 6188. NITI

**S. V. Enterprises**

**Worldwide Exporters**

★

203, Sharoa Chambers, 15, New Marine Lines,
Post Bag No. 11490, Bombay 400020.

## "અધ્યાત્મ અંગે ભલામણ"

ગુજરાત રાજ્યના ગ્રંથાલય વ્યવસ્થા અધિકારી, તેમ જ સંયુક્ત શિક્ષણ નિયામક ગુજરાત રાજ્ય, અમદાવાદના પરિપત્ર ક્રમાંક નં. એ/પુસ્તક ભલામણ/૧૦૪૨૬–૧૦૫૦૫ તા. ૩૦-૧-૮૧ ના ક્રમાંક નં ૧૨ થી 'અધ્યાત્મ'ની ભલામણ પુસ્તકાલયોમાં વસાવવા યોગ્ય માસિક તરીકે કરવામાં આવી છે. તેથી સરકારી નિયંત્રણ હેઠળનાં તેમ જ સહાય મેળવતા ગ્રંથાલયો, આ માસિકનું લવાજમ ભરી શકે છે. માધ્યમિક શાળા, કોલેજો તેમ જ હાઈસ્કૂલની લાયબ્રેરીઓ પણ આ માસિકનું લવાજમ ભરી શકે છે. —તંત્રી

## ભેટ

મોરબીના ઉત્સાહી સાધક ભાઈ શ્રી બાલ મુકુંદભાઈ શ્રોફે રૂા. ૫૧–૦૦ ભેટ મોકલાવ્યા છે; તેનો સાભાર સ્વીકાર કરવામાં આવે છે.

## લવાજમ અંગે સ્પષ્ટતા

અધ્યાત્મનું બીજું વર્ષ, ઓક્ટો. ૧૯૮૦ થી શરૂ થયું છે. વર્ષમાં ગમે તે માસથી સભ્ય થનારને નવે. ૮૦ થી અંકો આપવામાં આવશે ને તેઓનું લવાજમ, સપ્ટે. ૮૧માં પૂરું થયેલું લેખાશે

ઓક્ટો. ૮૦ ના અંકને બદલે ગ્રાહક ઇચ્છા દર્શાવશે તો તેમને અધ્યાત્મના આગલા વર્ષના અંકોમાંથી એક અંક મોકલવામાં આવશે.

કેટલાક ગ્રાહકોનાં લવાજમ એપ્રિલ ૧૯૮૧માં પૂરાં થયાં છે. તેઓને નવું લવાજમ ભરતાં બાકીના અંકો સાથે 'સાઈ સંગીત' ને 'પ્રસાદ' પુસ્તકો ભેટમાં મળશે.

With Best Compliments From-:

Phone :51213

# CRESCENT CHEMICAL INDUSTRIES

Mfg. of : Waterproofing products & Building Maintenance Products.

" Vallabhnivas " Preranapark,
Maninagar,
AHMEDABAD-380008.



જપ, ધ્યાન, તેમ જ પ્રાર્થનાની સાધના એ એક પ્રકારનું રસાયણ જ છે, જે માણસના મનને અને એ વડે સમગ્ર જીવનને પલટાવવાનું મહત્ત્વનું કામ કરે છે. એટલે જીવન સારું બનાવવા ઇચ્છતા હો તો એવી સાધનાનો અવશ્ય આધાર લો.

યોગેશ્વર

રાધેશ્યામ પ્રિન્ટીંગ પ્રેસ, જગાફેકના ડેલામાં, લોખંડબજાર, ભાવનગર.